RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 184 Dt. 28-01-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# ભારત-EU વચ્ચે મુક્ત વેપાર પર કરાર

## અમેરિકન ટેરિફથી મળશે રાહત : વેપાર કરારને કારણે, યુરોપિયન દેશોમાં ભારતની નિકાસ ૫૦ બિલિયન સુધી પહોંચશે

નવીદિલ્હી, તા. ૨૭

ભારત અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચે મુક્ત વેપાર કરાર (FTA) પર હસ્તાક્ષર થયા. ભારત અને યુરોપિયન યુનિયનના નેતાઓએ ૧૬મા ભારત-EU સમિટ દરમિયાન આ જાહેરાત કરી. વેપાર સંગઠન CTI એ આ વેપાર કરારનું સ્વાગત કર્યું છે. દિલ્હી અને દેશના વેપારીઓ અને ઉદ્યોગસાહસિકોના સર્વોચ્ચ સંગઠન, ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી (CTI) એ ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે વેપાર કરારનો માર્ગ મોકળો થવા પર ખુશી વ્યક્ત કરી. આ વેપાર કરાર યુએસ ટેરિફથી પહેલાથી જ પ્રભાવિત ભારતીય કંપનીઓ માટે નવા બજારો પૂરા પાડશે. CTI ના ચેરમેન બ્રિજેશ ગોયલે જણાવ્યું હતું કે યુરોપિયન યુનિયન સાથેના કરારથી કાપડ, ચામડું, ફૂટવેર, રત્નો અને ઘરેણાં, રસાયણો, દરિયાઈ ઉત્પાદનો, ડેરી ઉત્પાદનો, કૃષિ ઉત્પાદનો અને મોટર ભાગો જેવા ભારતીય માલ પર ઊગ દેશોમાં લાદવામાં આવેલી આયાત જકાતમાં નોંધપાત્ર રાહત મળશે.

CTI ના ચેરમેન બ્રિજેશ ગોયલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે EU દેશો સાથેના વેપાર કરારથી યુરોપિયન દેશોમાં ભારતની નિકાસ ૫૦ બિલિયન સુધી વધી શકે છે. તેમણે જણાવ્યું હતું કે કાપડ, ચામડું, ફૂટવેર, રત્નો અને ઉદ્યોગ, રસાયણો, દરિયાઈ ઉત્પાદનો અને ડેરી ઉત્પાદનોમાં નોંધપાત્ર વધારો થશે. ગોયલે સમજાવ્યું કે અમેરિકાએ તાજેતરમાં ભારતીય માલ પર ૫૦% ટેરિફ લાદ્યો છે, જેના કારણે ભારતીય વેપારીઓ અને નિકાસકારો માટે અમેરિકાથી આવતા ઓર્ડરમાં ઘટાડો થયો છે. તેમણે જણાવ્યું હતું કે ૨૭ યુરોપિયન યુનિયન દેશોમાં ભારતીય માલની માંગ વધશે અને ભારતીય કંપનીઓ ત્યાં પોતાના ઉદ્યોગો સ્થાપી શકશે.



ગોયલે નોંધ્યું હતું કે યુરોપથી ભારતમાં આયાત થતા વાહનો પર ૩૫.૫% ટેરિફ, પ્લાસ્ટિક પર ૧૦.૪% ટેરિફ અને ફાર્માસ્યુટિકલ્સ પર ૯.૯% ટેરિફ લાગશે. તેમણે ઉમેર્યું હતું કે ભારતીય ટેરિફ ઘટાડા સાથે, યુરોપિયન યુનિયનમાંથી આયાત થતા માલ પણ સસ્તા થશે. અમેરિકાના ૫૦% ટેરિફથી ભારતના કાપડ, ચામડું, રત્નો અને ઝવેરાત, ઓટો ઘટકો, રસાયણો, ફાર્માસ્યુટિકલ્સ, સીફૂડ અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રો પર નોંધપાત્ર અસર પડી છે, જેનાથી દેશમાં ૧૦ લાખ લોકોના રોજગાર પર જોખમ ઊભું થયું છે. તેમણે કહ્યું કે ટેરિફમાં વધારો થવાને કારણે, ભારતીય માલ અમેરિકામાં અન્ય દેશોની સરખામણીમાં ૩૫% સુધી મોંઘો થઈ ગયો છે, જેના કારણે ત્યાંના ખરીદદારો ભારત કરતાં અન્ય દેશોને પસંદ કરે છે. ગોયલના મતે, ૪૮ અબજ ડોલરથી વધુની ભારતીય નિકાસને આનાથી અસર થઈ રહી છે. દરમિયાન, CTIના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ દીપક ગર્ગે જણાવ્યું હતું કે FTA બંને બાજુના આશરે ૧.૯ અબજ લોકોના બજારને આવરી લે છે. તેમણે ઉમેર્યું હતું કે આ કરાર ચીન અને ૧૦-રાષ્ટ્રોના ASEAN વચ્ચેના FTA કરતાં મોટો વેપાર કરાર છે.

અત્રે એ નોંધનીય છે કે, યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને પ્રજાસત્તાક દિવસની ઉજવણી દરમિયાન ભારતની પ્રશંસા કરી હતી, અને ભારતને વૈશ્વિક સ્થિરતા અને સમૃદ્ધિ માટે મહત્વપૂર્ણ ગણાવ્યું હતું. તેમની ટિપ્પણી ભારત-EU વેપાર કરાર પહેલા કરવામાં આવી હતી, જેને બધા સોદાઓની માતા (મુખ્ય અને મહત્વપૂર્ણ સોદો) કહેવામાં આવે છે. બંને પક્ષો વાટાઘાટો પૂર્ણ કરવા અને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને અંતિમ સ્વરૂપ આપવા તરફ આગળ વધી રહ્યા છે ત્યારે તેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પણ મળશે. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને સોમવારે ૨૬ જાન્યુઆરીએ ભારતની પ્રશંસા કરી હતી. નવી દિલ્હીમાં કર્તવ્ય પથ ખાતે પ્રજાસત્તાક દિવસની ઉજવણીનો એક વિડિઓ શેર કરતા, વોન ડેર લેયેને કહ્યું કે ભારત વિશ્વને વધુ સ્થિર, સમૃદ્ધ અને સુરક્ષિત બનાવે છે. ઊગ કમિશનના પ્રમુખની આ ટિપ્પણી ભારત અને ૨૭ દેશોના બ્લોક વચ્ચેના વેપાર કરાર પહેલા આવી છે. વોન ડેર લેયેન અને ભારતના વેપાર મંત્રી પીયૂષ ગોયલે આ કરારને ''બધા સોદાઓની માતા'' ગણાવી છે.

ઉલ્લેખનીય છે કે, યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ, એન્ટોનિયો કોસ્ટા અને વોન ડેર લેયેન પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાનો હતા. EU કમિશનના પ્રમુખે મુખ્ય અતિથિ તરીકે મેગા ઉજવણીમાં હાજરી આપવાને આજીવન મહત્વપૂર્ણ અવસર ગણાવતા કહ્યું કે, ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાનો બનવું એ જીવનભરનું સન્માન છે. સફળ ભારત વિશ્વને વધુ સ્થિર, સમૃદ્ધ અને સુરક્ષિત બનાવે છે. અને બધાને લાભ થાય છે.

નવી દિલ્હી અને યુરોપિયન બ્લોક બંને ભારત-EU સમિટમાં વાટાઘાટોના સમાપનની જાહેરાત કરતો દસ્તાવેજ અપનાવે તેવી અપેક્ષા છે. આ પછી, બંને પક્ષો વેપાર કરાર પર હસ્તાક્ષર કરવા માટે કાનૂની તપાસ અને સંબંધિત પ્રક્રિયાઓ શરૂ કરશે. પ્રથમ તબક્કામાં, યુરોપિયન સંસદે તેના પર મતદાન કરવું પડશે, ત્યારબાદ યુરોપિયન કાઉન્સિલને ટ્રેડ કમિશનર મારોશ સેફકોવિકને તેમના ભારતીય સમકક્ષ સાથે તેના પર હસ્તાક્ષર કરવા માટે લીલીઝંડી આપશે.

યુનાઈટેડ સ્ટેટ્સની ટેરિફ નીતિઓ વચ્ચે આ કરાર થયો છે. ભારત અને યુરોપિયન યુનિયન ૨૦૨૬-૨૦૩૦ સમયગાળા માટે તેમના સંબંધોને સંચાલિત કરવા માટે સંયુક્ત વ્યાપક વ્યૂહાત્મક દ્રષ્ટિકોણનું અનાવરણ કરે તેવી પણ અપેક્ષા છે. નવી દિલ્હીની તેમની યાત્રાના થોડા દિવસો પહેલા, યુરોપિયન યુનિયન કમિશનના પ્રમુખે દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક બેઠકમાં એક ખાસ સંબોધનમાં કહ્યું હતું કે, ''દાવોસ પછી તરત જ, હું ભારતની યાત્રા કરીશ. હજુ પણ ઘણું કામ કરવાનું બાકી છે, પરંતુ અમે એક ઐતિહાસિક વેપાર કરારની નજીક છીએ. યુરોપ આજના વિકાસ કેન્દ્રો અને આ સદીના આર્થિક પાવરહાઉસ સાથે વ્યવસાય કરવા માંગે છે. લેટિન અમેરિકાથી લઈને ઈન્ડો-પેસિફિક સાથે યુરોપ હંમેશા વિશ્વને પસંદ કરશે. અને વિશ્વ યુરોપને પસંદ કરવા માટે તૈયાર છે.

આ બંને પક્ષો વચ્ચે વેપાર કરાર માટે વાટાઘાટો ૨૦૦૭ માં શરૂ થઈ હતી. જોકે, ૨૦૧૩ માં વાટાઘાટો અટકી ગઈ અને ૨૦૨૨ માં ફરી શરૂ થઈ હતી. ભારત યુરોપિયન યુનિયનમાંથી આયાત થતી કાર પરના ટેરિફને ૧૧૦ ટકાથી ઘટાડીને ૪૦ ટકા કરવાની યોજના ધરાવે છે. ભારત સરકારે બ્લોકમાંથી મર્યાદિત સંખ્યામાં કાર પરના ટેક્સને ઘટાડવા સંમતિ આપી હોવાના પણ અહેવાલ છે.

### ગર્ભગૃહમાં પ્રવેશ અંગે સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય

## મહાકાલના દરબારમાં કોઈ VIP નથી

નવી દિલ્હી, તા.૨૭

મધ્ય પ્રદેશના ઉજ્જૈનના વિશ્વપ્રસિદ્ધ મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ મંદિરના ગર્ભગૃહમાં VIP પ્રવેશને લઈને દાખલ કરવામાં આવેલી અરજી પર સુપ્રીમ કોર્ટે સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો હતો. સર્વોચ્ચ અદાલતે અરજદારને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે મહાકાલના દરબારમાં કોઈ VIP હોતું નથી અને ગર્ભગૃહમાં કોને પ્રવેશ આપવો તે નિર્ણય મંદિર વહીવટી તંત્રનો છે, અદાલત તેમાં દખલગીરી કરશે નહીં. કોર્ટે અરજદારને તેમની માંગણી મંદિર પ્રશાસન સમક્ષ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે.



સુપ્રીમ કોર્ટે આ મામલે ટિપ્પણી કરતા કહ્યું કે, ભગવાન મહાકાલ સામે સૌ સમાન છે, કોઈને વિશેષ દરજ્જો આપી શકાય નહીં. ગર્ભગૃહમાં પ્રવેશના નિયમો નક્કી કરવાનો અધિકાર મંદિર સમિતિ અને જિલ્લા વહીવટી તંત્ર પાસે સુરક્ષિત છે, તેથી અદાલતે આવા આંતરિક વ્યવસ્થાપનના મુદ્દાઓમાં હસ્તક્ષેપ કરવાની જરૂર જણાતી નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અરજદારે આક્ષેપ કર્યો હતો કે છેલ્લા અઢી વર્ષથી સામાન્ય શ્રદ્ધાળુઓ માટે ગર્ભગૃહમાં પ્રવેશ બંધ છે, પરંતુ VIP અને પ્રભાવશાળી લોકોને નિયમો તોડીને અંદર જવા દેવામાં આવે છે, જે સમાનતાના અધિકારનું ઉલ્લંઘન છે.

## UE સાથેનો સોદો ઉત્પાદન માટે પ્રોત્સાહક: PM

### ભારતની નિકાસમાં પચાસ ટકાથી વધુનો ઉછાળો આવાનું પ્રબળ સંભાવના

નવી દિલ્હી, તા.૨૭

યુરોપિયન યુનિયનના વડા ઉર્સુલા વોન ડેર લેયને મંગળવારે ભારત સાથેના ઐતિહાસિક વેપાર કરારની પ્રશંસા કરી અને તેને ''બધા કરારોની માતા'' ગણાવી. ૭૭મા પ્રજાસત્તાક દિવસ માટે મુખ્ય મહેમાન તરીકે ભારતમાં આવેલા EU વડાએ કહ્યું કે આ કરાર બંને પક્ષો વચ્ચેની ભાગીદારીમાં એક નવો અધ્યાય છે. વડાપ્રધાન મોદી, જે અમારા પ્રતિષ્ઠિત મિત્ર છે, અમે આ કરી બતાવ્યુ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા સાથે આ સંયુક્ત નિવેદન આપ્યું હતું.



ઉર્સુલાએ કહ્યું કે ભારત અને યુરોપિયન યુનિયન જેવા બે દિગ્ગજો વચ્ચે આ ભાગીદારીના આ સોદાથી ટેરિફમાં લગભગ ૪ અબજ યુરોનો ઘટાડો થવાની અપેક્ષા છે, જે બંને બાજુના વ્યવસાયોને મોટો પ્રોત્સાહન આપશે અને સપ્લાય ચેઈનને મજબૂત બનાવશે. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન, ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાએ નવી દિલ્હીમાં આ જાહેરાત કરી હતી.

આ કરાર આર્થિક સંબંધોને નોંધપાત્ર રીતે ગાઢ બનાવશે અને વેપાર અવરોધો ઘટાડશે. વેપાર કરાર મુજબ, EU સાત વર્ષના સમયગાળામાં ૯૯.૫% વેપારી માલ પર આયાત જકાત ઘટાડશે. આમાં ભારતીય દરિયાઈ ઉત્પાદનો, ચામડા અને કાપડના માલ, રસાયણો, રબર, બેઝ મેટલ્સ અને રત્નો અને ઝવેરાત પર ટેરિફ શૂન્ય સુધી ઘટાડવાનો સમાવેશ થાય છે.

ભારત-ઊગ મુક્ત વેપાર કરારના મહત્વ પર ઉર્સુલાએ કહ્યું કે આ સોદો બંને બાજુથી પૂરક શક્તિઓને એકસાથે લાવે છે. તે ભારતીય કૌશલ્ય, સેવાઓ અને સ્કેલ, યુરોપિયન ટેકનોલોજી, મૂડી અને નવીનતા સાથે જોડે છે. તે વિકાસના એવા સ્તરો બનાવશે જે કોઈપણ પક્ષ એકલો પ્રાપ્ત કરી શકશે નહીં. આ કરારના વ્યૂહાત્મક મહત્વ પર ભાર મૂકતા, તેણીએ કહ્યું કે, આપણી શક્તિઓને સાથે જોડીને, આપણે એવા સમયે વ્યૂહાત્મક નિર્ભરતા ઘટાડીએ છીએ જ્યારે વેપાર એક શસ્ત્ર બની રહ્યો છે. ઉર્સુલાએ તેમની મુલાકાત દરમિયાન સ્વાગત માટે ભારતનો આભાર પણ માન્યો અને કહ્યું કે પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાન બનવાનો અનુભવ ખૂબ જ ભાવનાત્મક હતો.

યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને કહ્યું કે, ''અમે અનુભવેલા અસાધારણ આતિથ્ય માટે ખૂબ ખૂબ આભાર. ગઈકાલે પ્રજાસત્તાક દિવસે તમારા મુખ્ય મહેમાન બનવું અમારા માટે ખૂબ જ સન્માનની વાત હતી. આ એક એવી યાદ છે જે હું જીવનભર રાખીશ કારણ કે સંવાદિતાની ભાવના એટલી શક્તિશાળી હતી. લોકો શેરીઓમાં ઉમટી પડ્યા હતા. ભારતનો ઉદય વિશ્વ માટે સકારાત્મક વિકાસ છે. ભારતનો ઉદય થયો છે, અને યુરોપ ખરેખર તેનાથી ખુશ છે.

# કેદારનાથ સહિત ૪૩ મંદિરોમાં બિનહિન્દુ પર પ્રવેશબંધી

### બદ્રીનાથ કેદારનાથ મંદિર સમિતિના ચેરમેન હેમંત દ્વિવેદીએ વિધિવત ઠરાવ પસાર કરવાની કરી જાહેરાત

દેહરાદુન, તા.૨૭

ઉતરાખંડમાં આવેલા પવિત્ર યાત્રાધામમાં બદ્રીનાથ તથા કેદારનાથ અને અન્ય ૪૩ મંદિરોમાં બિન હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાનું જાહેર કરવામાં આવ્યું છે. હવે બિનહિંદુ યાત્રિકો કે સહેલાણીઓ ગંગોત્રી ધામમાં પ્રવેશ કરી શકશે નહીં એવો શ્રી ગંગોત્રી મંદિર સમિતિએ રવિવારે સર્વ સંમતિ સાથે નિર્ણય લીધો છે. સદીઓ જુના બદ્રીનાથ અને કેદારનાથ મંદિરો તથા ગૌમુખના શિયાળુ ધર્મસ્થાન મુખબા તેમજ અન્ય મંદિરોમાં બિન હિન્દુઓને પ્રવેશ પર પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે તેમ સમિતિ કહે છે.

ગંગોત્રી મંદિર સમિતિ ના ચેરમેન સુરેશ સેમવલ કહે છે બિન હિન્દુઓના પ્રવેશ પરનો પ્રતિબંધનો અમલ કડક રીતે કરવામાં આવશે. દરમિયાન ભાજપના નેતા અને શ્રી બદ્રીનાથ કેદારનાથ મંદિર સમિતિના ચેરમેન હેમંત દ્વિવેદીએ કહ્યું હતું કે સમિતિએ આ નિર્ણય લીધો છે અને તેનો વિધિ સર ઠરાવ સમિતિ બોર્ડની આગામી બેઠકમાં પસાર કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે ઉત્તરાખંડની ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓ અમારા માટે પ્રાથમિકતા છે અને ઐતિહાસિક રીતે કેદારનાથ અને માના પ્રદેશમાં પ્રવેશ હંમેશા હિન્દુઓ પૂરતો જ મર્યાદિત રહ્યો છે અને તેનો ઈતિહાસ છે પરંતુ બિન ભાજપ સરકારોના સમયમાં આ પરંપરાની અવગણના કરવામાં આવી હતી એટલે હવે તેના અમલ માટે પગલાં લેવામાં આવી રહ્યા છે.

રાજ્યભરમાં ગેરકાયદે ધર્મસ્થાનો હટાવી દેવાના ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંઘ ધામીના આદેશની પણ તેમણે પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે રાજ્ય સરકારના પગલાંથી ઉતરાખંડની ધાર્મિક ઓળખ, સાંસ્કૃતિક વારસો તેમજ કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બનશે. મુખ્યમંત્રી ધામીએ કહ્યું હતું કે મંદિર સમિતિઓ તેમજ રાજ્યની ધાર્મિક જગ્યાઓનું સંચાલન કરતી સંસ્થાઓ ની ભલામણો મુજબ રાજ્ય સરકારનું વહીવટી તંત્ર પગલાં લેતું રહેશે.

સમિતિના ચેરમેનનો દાવો છે કે બિન હિન્દુઓને અહીં પ્રવેશ આપવાનો પ્રતિબંધ ઐતિહાસિક રીતે અમલમાં હતો પરંતુ બિન ભાજપ સરકારોમાં તેનો અમલ થતો નહોતો એટલે હવે સદીઓ જૂની પરંપરા નો યોગી અમલ થાય અને ધર્મસ્થાનોની પવિત્રતા જળવાય એ માટે મંદિર સમિતિ આ નિર્ણય લીધો છે.

જોકે વિરોધ પક્ષ કોંગ્રેસે સરકારના અને સમિતિઓના પગલાની ટીકા કરી છે અને કહ્યું છે કે રાજ્યમાં જે વધુ સળગતી સમસ્યાઓ છે તેના તરફથી લોકોનું ધ્યાન ભટકાવી દેવા માટે આવા નિર્ણયો લેવામાં આવી રહ્યા છે કેમકે અહીં મંદિરોના વિસ્તારમાં કે મંદિરોમાં બિન હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધની કોઈ જરૂર જ નથી.



### ચાર વર્ષ પહેલા ઓળખાણ થઇ, પ્રેમ થયો અને મૈત્રીકરાર કર્યાઃ બે વર્ષથી અલગ રહેવા માંડ્યા

# ઘરખર્ચ માંગનાર યુવતિ ઉપર મિત્રનો હુમલો

### નંદા હોલ પાસે અલગ રહેતાં ભરતે યુવતિના ઘરે આવી દિકરીને લઇ જવાની વાત કરી બાદમાં બેફામ માર માર્યોઃ દિવાલમાં માથુ ભટકાવ્યુંઃ માલવીયાનગર પોલીસે દાખલ કરી ફરિયાદ

રાજકોટ, તા.૨૭

મિત્રતા, ફ્રેન્ડશીપ, લવ-લવશીપમાં ઘણીવાર ડખ્ખા ઘર કરી જતાં હોય છે. આવી જ એક ઘટના રાજકોટમાં સામે આવી છે જેમાં એક યુવતિને કાલાવડ પંથકના યુવાન સાથે પરિચય-પ્રેમ થયા બાદ બંનેએ ચાર વર્ષ પહેલા મૈત્રીકરાર કર્યા હતાં અને સાથે રહેવાનું શરૂ કર્યુ હતું. પરંતુ બાદમાં મનમેળ ન થતાં બે વર્ષથી બંને અલગ રહેવા માંડ્યા છે. યુવતિએ આ દરમિયાન ઘર ખર્ચ માટે આ મિત્ર કે જે અલગ રહે છે તેની પાસે ફોન કરીને પૈસા માંગતા તેણે યુવતિના ઘરે આવીને પૈસા આપવાને બદલે તારી રીતે વ્યવસ્થા કરી લે તેમ કહી હું મારી દિકરીને લઇ જઇશ તેવું કહી યુવતિને ભારે મારકુટ કરી માથુ પકડી ભીંતમાં ભટકાવતાં તે લોહીલુહાણ થઇ ગઇ હતી. દેકારો મચી જતાં લોકો ભેગા થઇ જતાં આ શખ્સ ભાગી ગયો હતો. પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો ગોંડલ રોડ પર આવેલા માનસરોવર આવાસમાં રહેતી ૨૫ વર્ષીય યુવતિ પર તેના જ મિત્રએ પૈસાની સામાન્ય લેતીદેતીમાં જીવલેણ હુમલો કર્યો હતો. ગરદન પકડીને દીવાલ સાથે માથું ભટકાવતા ગંભીર રીતે ઘવાયેલી આ યુવતિને સારવાર લેવી પડી હતી. જ્યારે પોલીસે આરોપી મિત્ર વિરૂધ્ધ કડક કલમો હેઠળ ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા મિતલબેન ચૌહાણ અને ભરતભાઈ મુળજીભાઈ ચંદ્રપાલ વચ્ચે અગાઉ પ્રમ સંબંધ બંધાયા બાદ તેઓએ મૈત્રી કરાર કર્યા હતા. જો કે થોડા સમય બાદ જ બંને વચ્ચે નાની-નાની



બાબતોમાં ખટરાગ શરૂ થયો હતો. આ વિવાદ એટલો વધ્યો હતો કે છેલ્લા કેટલાક સમયથી બંને અલગ રહેતા હતા. મિતલબેન પોતાનું ગુજરાન ચલાવવા મજૂરી કામ કરે છે.

દરમિયાન મિતલબેને પોતાનાથી અલગ રહેતાં મિત્ર ભરતને ફોન કરીને ઘર ચલાવવા માટે જરૂરી આર્થિક મદદ એટલે કે ઘરખર્ચ માટે રકમ માંગી હતી. આ માંગણી સાંભળતા જ ભરતભાઈ પિત્તો ગુમાવી બેઠા હતા અને ફોન પર જ ધમકીઓ આપવા લાગ્યા હતા. થોડી જ વારમાં આરોપી ભરતભાઈ મિતલબેનના રહેણાંક સ્થળે પહોંચી ગયો હતો અને ત્યાં જઈને બિભત્સ ગાળો ભાંડી હુમલો કરી દીધો હતો. તેમજ પૈસા આપવાને બદલે તેણે આપણી દિકરી ક્યાં છે તેને મારે સાથે લઇ જવી છે તેમ કહેતાં મિત્તલબેને દિકરી તો મારી સાથે જ રહેશે, તેને હું આપીશ નહિ, તું મને ઘર ખર્ચના પૈસા આપી દે તેમ કહેતાં તે વધુ ઉશ્કેરાયો હતો અને વધુ ગાળો દઇ મારકુટ કરી હતી.

મિતલબેને પોલીસને આપેલા નિવેદનમાં જણાવ્યું છે કે, આરોપીએ તેમને ઢીકાપાટુનો માર મારવા ઉપરાંત તેમની ગરદન પકડીને બેરહેમીથી દીવાલ સાથે ભટકાડી હતી. જેના કારણે તેમને માથામાં ગંભીર ઈજા થઈ હતી અને લોહીલુહાણ હાલતમાં તેઓ નીચે ઢળી પડ્યા હતા. હુમલો કર્યા બાદ આરોપીએ જો બીજી વાર પૈસા માંગીશ તો જાનથી મારી નાખીશ, પૈસાની વ્યવસ્થા તારી રીતે જ કરી લેજે તેવી ધમકી આપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. બનાવને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્ત મિતલબેનને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાંથી પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે મિતલબેનનું નિવેદન લીધું હતું. પોલીસે આ મામલે એફઆઇઆર દાખલ કરી વિશેષ તપાસ હાથ ધરી હતી.

## પોલીસ હેડકવાર્ટરમાં ઉજવાયું પ્રજાસત્તાક પર્વ

### પોલીસ કમિશનરે પ્રજાજનોને પોલીસ પ્રત્યેનો દ્રષ્ટીકોણ બદલવા માટે કર્યો અનુરોધ

રાજકોટ, તા.૨૭

શહેરના પોલીસ હેડક્વાર્ટર ખાતે ૭૭મા પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તમામ પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ, પોલીસ પરિવારના સદસ્યો અને પ્રજાજનોએ ઉપસ્થિત રહી ધ્વજવંદન કરી ભારત માતાનો જયજયકાર કર્યો હતો. આ પ્રસંગે પોલીસ જવાનો દ્વારા ખાસ પરેડ અને કરતબોનું પ્રદર્શન કરાયું હતું. શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ તમામ ભારતવાસીઓ અને ખાસ કરીને રાજકોટના નાગરિકોને શુભકામનાઓ પાઠવી હતી. રાજકોટમાં આયોજિત શિસ્તબદ્ધ પરેડ અને ધ્વજવંદન કાર્યક્રમ બાદ મીડિયા સાથેની વાતચીતમાં તેમણે દેશની સુરક્ષા અને સામાજિક સૌહાર્દ અંગે મહત્વના મુદ્દાઓ રજૂ કર્યા હતા.



પોલીસ કમિશનરે તેમના સંબોધનમાં ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણોની આહુતિ આપનારા વીર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આજે આપણે એ વીરોને યાદ કરીએ છીએ જેમના બલિદાનના કારણે આપણે સ્વતંત્ર ભારતમાં શ્વાસ લઈ રહ્યા છીએ. હવે આપણી જવાબદારી છે કે આપણે સૌ સાથે મળીને ભારતવર્ષને વધુ મજબૂત અને વિકસિત બનાવવા માટેના પ્રયાસો તેજ કરીએ.

તેમણે કહ્યું કે દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષામાં તૈનાત જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા તેમણે કહ્યું કે સરહદ પર તૈનાત લશ્કરના જવાનો અને અર્ધ-લશ્કરી દળોનું રાષ્ટ્ર રક્ષણમાં મોટું યોગદાન છે. રાજકોટના નાગરિકોને ઉદ્દેશીને કમિશનર બ્રજેશકુમાર ઝાએ અપીલ કરતા કહ્યું હતું કે, નાગરિકોએ પોલીસ પ્રત્યેનો દ્રષ્ટિકોણ બદલવો જોઈએ. પોલીસને માત્ર કાયદાનું પાલન કરાવનારી એક કડક સંસ્થા તરીકે ન જોતા, તેને તમારા જ સમાજનું એક અભિન્ન અંગ ગણો. જો જનતા પોલીસને સહયોગ આપશે અને બંને પક્ષો વચ્ચે વિશ્વાસનો સેતુ મજબૂત થશે, તો જ આપણે રાજકોટ શહેરને સુરક્ષિત અને વિકસિત બનાવી શકશું. તેમણે અંતમાં ઉમેર્યું હતું કે રાજકોટના સર્વાંગી વિકાસ માટે પોલીસ અને પ્રજાનો પરસ્પર સહકાર અનિવાર્ય છે. શિસ્તબદ્ધ સમાજ જ પ્રગતિ કરી શકે છે, અને તે માટે તેમણે સૌને કાયદાના પાલનમાં સહભાગી થવા પ્રોત્સાહિત કર્યા હતા. ધ્વજવંદન પરેડના આ કાર્યક્રમમાં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા સાથે, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, ડીસીપી હેતલ પટેલ, ડીસીપી રાકેશ દસાઇ, ડીસીપી હરપાલસિંહ જાડેજા તેમજ તમામ એસીપી, પીઆઇ સહિતના અધિકારીઓ કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

### ૨૦૨૬નાં વર્ષમાં ડેન્ગ્યુની એન્ટ્રીઃ અલગ અલગ સ્થળોએથી પાણીના ૧૨૫૬ ક્લોરિન ટેસ્ટ

## ડેન્ગ્યુના બે સાથે સપ્તાહમાં રોગચાળાનાં ૨૦૩૨ કેસ

રાજકોટ, તા.૨૭

રાજકોટમાં ફરી થી ડેન્ગ્યૂની એન્ટ્રી થઈ છે. ૨૦૨૬ના વર્ષમાં પ્રથમ વખત જ વિતેલા સપ્તાહમાં ડેન્ગ્યુના બે કેસ નોંધાયા છે. આ સિવાય શરદી ઉધરસ તાવ ઝાડા ઉલટી સહિત કુલ ૨૦૩૨ કેસ જાહેર થયા છે . અલગ અલગ સ્થળોએથી પાણીના ૧૨૫૬ ક્લોરિન ટેસ્ટ કરવામાં આવ્યા છે. રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. તે અંતર્ગત વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૧૯ થી તા.૨૫ જાન્યુઆરી દરમ્યાન ૧૭૫૫૫ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી છે. તથા ફિલ્ડવર્કરો દ્વારા ૬૦૯ ઘરોમાં ફોગીંગ કામગીરી



કરવામાં આવી છે.

મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવ્યા છે. મચ્છર ઉત્પતિ સબબ ૧૨૮ રહેણાંકમાં અને ૩૪ કોર્મશીયલ આસામીને નોટીસ આપવામાં આવી છે. ગત સપ્તાહે મચ્છર જન્ય રોગચાળામાં તા.૧૯ થી તા.૨૫ જાન્યુઆરી દરમિયાન ડેન્ગ્યુના બે (કુલ બે) કેસ જાહેર થયા છે. મેલેરિયા અને ચિકનગુનિયાના એક પણ કેસ જાહેર થયા નથી.

અન્ય રોગચાળાના નોંધાયેલા મળતા આંકડા જોઈએ તો શરદી - ઉધરસના ૧૦૪૯ ( કુલ ૪૨૧૦) સામાન્ય તાવના ૭૮૩ (કુલ ૨૯૨૬) ઝાડા-ઉલટીના ૧૯૮ (કુલ ૮૩૧) કેસ જાહેર થયા છે. ગત સપ્તાહે ટાઈફોઈડ કમળા, મરડા કે કોલેરાના એક પણ કેસ નોંધાયા નથી. પાણીજન્ય રોગ અટકાયતી પગલાના ભાગરૂપે કુલ ૧૨૫૬ ક્લોરીન ટેસ્ટ કરવામાં આવ્યા છે.

## ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે ડોમનું ખાતમુર્હુત

### કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીના આકસ્મિક અવસાન પામેલા વારસદારોને ચેક વિતરણ કરાયા



રાજકોટ, તા.૨૭

ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે યાર્ડનું વિશાળ ઓક્શન સેડ (ડોમ) નુ રાજ્યના કેબિનેટ કૃષિ અને સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે ખાત મુર્હૂત કરવામાં આવ્યું હતું. ડોમ આશરે ૩૫ વિઘામાં નવ નિર્મિત થશે. આ ડોમ બનતા કમોસમી વરસાદમાં ખેડૂતોની જણસીને રક્ષણ મળશે તેવું મનાય છે. આ તકે તેઓએ હસ્તે આકસ્મિત અવસાન પામનાર ખેડૂતોના વારસદારોને પાંચ લાખના ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. જેમાં વેજાગામ ના ખાતેદાર ધીરજલાલ ભાલાળા તેમજ મોટા દડવા ગામના ખાતેદાર ખેડૂત શંભુભાઈ વસાણીનુ અવસાન થતા તેમના વારસદારોને ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ રમેશભાઈ ધડુક, ધારાસભ્યના પ્રતિનિધિ ગણેશભાઈ,યાર્ડના ચેરમેન અલ્પેશભાઇ ઢોલરીયા, વાઇસ ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજા, ડિરેક્ટર પ્રફુલભાઈ ટોળીયા,ભાજપ અગ્રણી અશોકભાઈ પીપળીયા સહિત મોટી સંખ્યામાં આગેવાનો હાજર રહ્યા હતા.

### સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ભાજપના સંગઠન માળખાની અનેક જિલ્લાઓમાં સંગઠન જાહેર

## રાજકોટ શહેર ભાજપના સંગઠન માળખાની ગુરુ-શુક્રવારે જાહેરાત?

### સમગ્ર ગુજરાતમાં ભાજપના સંગઠન માળખાની તૈયારીઓ પૂર્ણતાની નજીક

રાજકોટ, તા.૨૭

ગુજરાત ભાજપ સંગઠનમાં ફરી એક વખત ગતિવિધિઓ તેજ બની છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતમાં ભાજપના સંગઠન માળખાની તૈયારીઓ પૂર્ણતાની નજીક પહોંચી રહી છે. અનેક જિલ્લાઓ, શહેરો અને તાલુકા સ્તરે નવા સંગઠનો જાહેર કરવામાં આવ્યા છે, જ્યારે બાકી રહેલા વિસ્તારોમાં પણ ટૂંક સમયમાં જાહેરાત થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. રાજકોટ શહેર ભાજપનું સંગઠન માળખું પણ ગુરુવાર અથવા શુક્રવારે જાહેર થાય તેવી પ્રબળ સંભાવના વર્તાઈ રહી છે.

આગામી સમયગાળામાં યોજાનારી લોકસભા, સ્થાનિક



સ્વરાજ્ય સંસ્થાઓ અને સંગઠનાત્મક પડકારોને ધ્યાનમાં રાખી ભાજપ દ્વારા ગ્રાસરૂટ લેવલ સુધી સંગઠન મજબૂત બનાવવાની દિશામાં કામ ચાલી રહ્યું છે. પ્રદેશ નેતૃત્વના માર્ગદર્શન હેઠળ જિલ્લાના આગેવાનો, મંડળો અને બૂથ સ્તરના કાર્યકર્તાઓ સાથે બેઠક યોજી સંગઠનની રચના અંગે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી રહી છે.

સૌરાષ્ટ્રમાં ખાસ કરીને રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર, મોરબી, અમરેલી સહિતના જિલ્લાઓમાં સંગઠનને વધુ સક્રિય બનાવવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. ઘણા વિસ્તારોમાં જૂના અનુભવી કાર્યકર્તાઓ સાથે સાથે યુવા નેતાઓને પણ મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે, જેથી સંગઠનમાં અનુભવ અને યુવાની બંનેનો સંતુલિત સમન્વય સર્જી શકાય તેવું પક્ષનું માનવું છે.

ભાજપના સૂત્રો અનુસાર સંગઠનની નવી રચનામાં કાર્યકર્તાઓની કામગીરી, જમીનસ્તરનો સંપર્ક, સામાજિક સમીકરણો અને ચૂંટણી પરિણામોને મહત્વ આપવામાં આવ્યું છે. સાથે જ સંગઠનમાં અનુશાસન, એકતા અને જનસંપર્કને મુખ્ય ધ્યેય બનાવવામાં આવ્યો છે.

પાર્ટી દ્વારા સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે આગામી સમયમાં સંગઠન જ ભાજપની સૌથી મોટી તાકાત બનશે. સંગઠનાત્મક માળખું મજબૂત બનતાં જ રાજ્યભરમાં ભાજપના કાર્યક્રમો, જનસંપર્ક અભિયાન અને નીતિગત પ્રવૃત્તિઓને વધુ વેગ મળશે તેવું કહેવાય છે.

આગામી દિવસોમાં બાકી રહેલા જિલ્લાઓ અને મંડળોના સંગઠનો જાહેર થતાં જ ગુજરાત ભાજપનું સંગઠન માળખું સંપૂર્ણ રૂપે તૈયાર થઈ જશે, જેના આધારે પાર્ટી આગામી રાજકીય પડકારો માટે મજબૂત રીતે તૈયાર થતી દેખાઈ રહી છે. જાણકારોના મતે રાજકોટ શહેર ભાજપના સંગઠન માળખું જાહેર થવાના પડઘમ વાગી રહ્યા છે.

## પીપળીયા(પાળ)ના મહેન્દ્રસિંહ કે.જાડેજાનો આજે જન્મ દિવસ



રાજકોટ, તા.૨૭

લોધિકા તાલુકાના પીપળીયા(પાળ) ગામના મહેન્દ્રસિંહ કે. જાડેજાનો આજે ૨૮મી જાન્યુઆરીએ જન્મદિવસ છે. તેઓ રાજકોટ જિલ્લા કોગ્રેસના ઉપપ્રમુખ, લોધિકા રાજપૂત(ક્ષત્રિય) સમાજના ઉપપ્રમુખ, ખાંભા જૂથ સેવા સહકારી મંડળીના ડીરેક્ટર અને ઈફકો ઇન્ડીયાના ડેલીગેટ તેમજ વિવિધ સંસ્થાઓમાં પોતાની સુપેરે ફરજ બજાવી રહ્યા છે.

તેઓ લોકોના કાર્યો માટે સતત તત્પર રહેતા હોવાથી બહોળું મિત્ર વર્તુળ ધરાવે છે. બીજાના સુખે સુખી અને બીજાના દુઃખે જેવી લાગણીથી જોડાતા હોવાથી જાણકારોના મતે તેઓ સૌના હૃદયમાં સ્થાન પામ્યા છે. મહેન્દ્રસિંહ કે. જાડેજા (પાળ પીપળીયા)ને આજના દિવસે પરમાત્મા એમને દીર્ઘ આયુષ્ય આપે અને સ્વાસ્થ્ય સારું રહે તેવી આશા સાથે જન્મ દિવસની શુભેચ્છા સગા-સ્નેહીઓ અને જિલ્લાબહારના હિતેચ્છુઓ તેઓને શુભેચ્છા પાઠવી રહ્યા છે.

### ઢેબર ચોક પાસે લારીએ બરી ખાધા બાદ પ્રૌઢ ફોનમાં વાત કરતાં હતાં ત્યારે આવેલા ત્રણ શખ્સોએ કાવત્રુ પાર પાડ્યું

# બહેન સામે જોવા પ્રશ્ને પ્રૌઢ પર હુમલો કરી લૂંટ

### તું જેની સામે જોવે છે એ ત્રણ મારી બહેનો છે, સામે કેમ જોયું, હવે પોલીસ સ્ટશને લઇ જવાનો છે કહી પ્રૌઢને નજીકમાં લઇ જઇ ઢીકાપાટા મારી મોબાઈલ ફોન, મોટરસાઇકલ લૂંટી લીધાઃ ત્રણ શખ્સો સામે એ-ડિવીઝન પોલીસમાં ગુનોઃ એક શકમંદ સકંજામાં

રાજકોટ, તા.૨૭

શહેરમાં એકલ દોકલને પોલીસના નામે ડરાવી ધમકાવી લૂંટ ચલાવવાની ઘટનાઓ અગાઉ પણ બની ચુકી છે. જેમાં પણ એક શખ્સ અવાર-નવાર પોલીસના નામે લૂંટ કરતાં પકડાયો હતો. દરમિયાન એ-ડિવીઝન પોલીસ મથકની હદમાં વધુ એક વખત આવી ઘટના બની છે. જેમાં ગોંડલ રોડ પર રહેતાં અને મેટોડા કંપનીમાં મજૂરી કરતાં પ્રૌઢ ચાર દિવસ પહેલા લાખાજી રાજ રોડ પર ઢેબર ચોક પાસે બરી ખાવા રાજસ્થાનીની લારીએ આવ્યા ત્યારે નજીકમાં ત્રણ મહિલા ઉભી હોઇ તેની નજીક પોતે બાઇક પર બેસી ફોનમાં વાત કરતાં હતાં ત્યારે ત્રણ શખ્સોએ આવી તું કેમ આ મહિલાઓની સામે જોવે છે, એ મારી બહેનો છે તેમ કહી એક શખ્સે લાફા મારી લીધા બાદ તેને પોલીસ સ્ટેશને લઇ જવાના બહાને નજીકમાં લઇ જઇ માર મારી બાઇક, મોબાઇલ લૂંટી લીધા હતાં.

ચકચાર જગાવતી આ ઘટનામાં વિગતો પર નજર કરીએ આ બારામાં એ-ડિવીઝન પોલીસે ગોંડલ રોડ એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગર-૯માં રહેતાં પચાસ વર્ષના સંજયભાઇ બીજલભાઇ પરમારની ફરિયાદ પરથી ત્રણ અજાણ્યા શખ્સો સામે લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી એક શકમંદની પુછપરછ હાથ ધરી છે. સંજયભાઇ પરમાર પરિવાર સાથે રહે છે અને મેટોડા ગેઇટ નં. ૧ ખાતે મેકપાવર કંપનીમાં મજૂરી કરે છે. તેણે જણાવ્યું હતું કે ત્રેવીસમીના રાતે સાડા નવેક વાગ્યે હું ઘરેથી હોન્ડા પ્લસ જીજે૦૩પીઇ-૪૨૮૯ હંકારીને ઢેબર ચોક પાસે લાખાજીરાજ રોડ



પર આવેલ રાજસ્થાનીની લારીએ બરી ખાવા ગયો હતો.

જ્યાં બરી ખાધા બાદ રાતે દસેક વાગ્યે હું મારા મિત્ર કુલદીપભાઇ સાથે વાત કરવા લારીથી થોડે આગળ મારુ બાઇક પાર્ક કર્યુ હતું ત્યાં ગયો હતો અને બાઇક પર બેસીને ફોન કાઢી મિત્ર સાથે વાત કરતો હતો. આ વખતે ત્યાં સામેની બાજુના ખુણામાં ત્રણ સ્ત્રીઓ ઉભી હતી. તે વખતે લાખાજીરાજ રોડ સાંગણવા ચોક તરફથી એક હોન્ડા આવ્યું હતુ અને તેના ચાલકે મારી બાજુમાં ઉભુ રાખી દીધુ હતું. તેના ઉપર ત્રણ શખ્સો સવાર હતાં. જેમાંથી એક શખ્સે નીચે ઉતરી મારે પાસે આવીને કહેવા માંડ્યો હતો કે-આ ત્રણેય મહિલાઓ તારી સામે ઉભી છે તે મારી બહેનો છે, તું કેમ તેની સામે જોવે છે? જેથી મેં કહેલું કે હું આ બહેનોને ઓળખતો પણ નથી અને મેં તેની સામે જોયુ પણ નથી.

આ સાંભળી એ શખ્સે મને ત્રણ ઝાપટો મારી દીધી હતી અને 'ચાલ પોલીસ સ્ટેશને જઇએ' તેમ કહેતાં મેં હા પાડી હતી. ત્યારબાદ તેના બાઇકમાં વચ્ચે બેઠેલા શખ્સે નીચે ઉતરી મારા બાઇક પર બેસી ગયો હતો અને મને પાછળ બેસવાનું કહ્યું હતું. હું પાછળ બેસી ગયો હતો. બાદમાં મને આરએમસી ચોકથી આશાપુરા રોડ તરફ જતાં નોબલ ઇલેક્ટ્રીક પાસે લઇ જઇ બાઇક ઉભુ રાખ્યું હતું. બીજા બાઇક પર બે શખ્સો આવ્યા હોઇ તે તથા મારા બાઇકમાં બેઠેલા શખ્સ એમ ત્રણેયએ મારા બાઇકની ચાવી કાઢી લઇ મને ઉતારીને નીચે પાડી દીધો હતો. બાદમાં ઢીકાપાટુ માર્યા હતાં. બીજા બે શખ્સે પણ મને ધમકાવી તારા ફોનમાંથી ગૂગલ પે કરીને પૈસા આપી દે તો જ જવા દઇશું તેમ કહેતાં મેં ના પાડતાં મારો ફોન ઝૂંટવી લીધો હતો.

ત્યારપછી ત્રણેયએ મને વધુ માર મારતાં હું ત્યાંથી દોટ મુકીને બસ સ્ટેશન પાછળ ભાગ્યો હતો અને રિક્ષા કરી ઘરે જતો રહ્યો હતો. બાદમાં પરિવાર સાથે ચર્ચા કરી પોલીસને જાણ કરી હતી. અજાણ્યા શખ્સો મારું બાઇક રૂા. ૫૦ હજારનું, તથા મારો એમઆઇ કંપનીનો મોબાઇલ ફોન રૂા. ૫૦૦૦નો મળી ૫૫ હજારની માલમત્તા લૂંટીને ભાગી ગયા હતાં. પીઆઇ બી. વી. બોરીસાગરની રાહબરીમાં હેડકોન્સ. વાય. એમ. ગોહિલે ગુનો નોંધતા ડી. સ્ટાફે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસે એક શકમંદને ઉઠાવી લઇ પુછપરછ હાથ ધરતાં ભેદ ઉકેલાઇ જવાની આશા છે. ઉલ્લેખનીય છે કે એ-ડિવીઝન વિસ્તારમાં અગાઉ પોલીસના નામે વારંવાર તોડ કરનારા શખ્સને છેલ્લે પોલીસે પકડી લેતાં જેલહવાલે થયો હતો. ત્યાં હવે પોલીસ સ્ટેશને લઇ જવાનો ડર બતાવી છેડતીનું સામે જોવાનું આળ મુકી પ્રૌઢને લૂંટી લેવાની ઘટના બનતાં ચકચાર જાગી છે. લૂંટારા ઝડપાયા બાદ વધુ વિગતો બહાર આવશે.

# જંગલેશ્વરના ૧૩૫૮ મિલકતોને ફટકારાઈ નોટિસ

## આજી રિવરફ્રન્ટ પ્રોજેક્ટને અમલી બનાવવા દબાણોને દૂર કરવા તંત્રની મથામણ : પોલીસને સાથે રાખી નોટિસની બજવણી

રાજકોટ, તા. ૨૭

છેલ્લા ઘણા સમયથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખાસ જંગલેશ્વર વિસ્તારમાં કે જ્યાં અનઅધિકૃત બાંધકામો ખડકેલા છે એ તમામને દૂર કરવા માટેની પ્રક્રિયા હાલ વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે ભૂતકાળમાં આ જગ્યાએ ખાસ આજે રિવરફ્રન્ટ નો પ્રોજેક્ટ બનાવવાનો પ્લાન નક્કી કરવામાં આવ્યો હતો પરંતુ કોઈને કોઈ કારણસર એ શક્ય બનતું ન હતું પરંતુ ફરી વખત તંત્ર દ્વારા આજી રિવરફ્રન્ટના મુદ્દે જંગલેશ્વરમાં જે અનઅધિકૃત બાંધકામો થયેલા હોય તેને દૂર કરવા માટેની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે જેને ધ્યાને લેતા મામલતદાર દ્વારા અગાઉ નોટિસો આપી તમામને રૂબરૂ સાંભળવામાં આવ્યા હતા ત્યારે હાલ સૂત્રો દ્વારા જે વિગતો મળી રહી છે તે મુજબ ૨૦૨ મુજબની નોટિસ પણ આપી દેવામાં આવી છે જેને લઈને વિસ્તારના રહેવાસીઓમાં ચિંતા ના વાદળો જોવા મળી રહ્યા છે. તંત્ર દ્વારા ગેરકાયદેસર બાંધકામોને તોડી પાડવા માટે ગઈકાલે કલેક્ટર તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે દરેકને ૨૦૨ હેઠળ નોટીસ આપવાનું કામ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે ત્યારે જોવાનું એ રહ્યું કે આ મુદ્દો કેટલો વિકરાળ બને છે.





રાજકોટ શહેરનાં નવા થોરાળા નજીક આજી નદીના કાંઠે જંગલેશ્વર સહિતનાં વિસ્તારોમાં એક લાખથી વધુ ચોરસ મીટર સરકારી જમીન ઉપર વર્ષોથી ઉભેલા ગેરકાયદેસર બાંધકામો તોડવા માટે આજે કલેકટર તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે કલમ ૨૦૨ હેઠળ નોટિસો આપવાનું શરૂ કરવામાં આવતાં રહેવાસીઓમાં ચિંતા સાથે ભારે દેકારો મચી જવા પામેલ છે.

આંકડાકીય માહિતી અનુસાર સરકારી ખરાબા ની જગ્યા ઉપર કુલ ૧૩૫૮ અને મહાનગરપાલિકાની જમીન ઉપર ૯૯૨ જેટલા દબાણો છે અને આશરે ૨૦૦૦થી વધુ પરિવારો છેલ્લા ચાર દાયકાથી અહીં વસવાટ કરતા નજરે પડ્યા છે હાલ આજે રિવરફ્રન્ટ પ્રોજેક્ટ માટે આ તમામ દબાણો દૂર કરવા ખૂબ જરૂરી છે જે માટે તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી રહી છે અને કોંગ્રેસ દ્વારા પણ આ અંગે વિરોધ પણ કરવામાં આવી રહ્યો છે. પ્રશ્ન એ જ છે કે શું વહીવટી તંત્ર આ અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરી આકરા પગલાં લેશે કે આ મામલો આવનારા સમયમાં ફરી શાંત થઈ જશે તે હવે જોવાનું રહ્યું.

કલેકટર હસ્તકની સરકારી જમીનમાં ઉભેલા જંગલેશ્વર, હરીજનવાસ, રાધાકૃષ્ણ નગર, બુધ્ધનગર, આહીરવાસ, નાડોદાવાસ સહિતના વિસ્તારોમાં વસતા ૧૩૫૮ દબાણકારોને અગાઉ નોટિસો આપી જમીનના આધાર પુરાવાની ચકાસણઈ કરવામાં આવી હતી અને તમામ દબાણકારે વેરાબિલ તથા લાઈટ બિલ સિવાયના જમીનના આધારો રજુ નહીં કરી શકતા કલેકટર તંત્ર દ્વારા હવે કલમ ૨૦૨ મુજબ સરકારી જમીનોમાંથી દબાણો હટાવી લેવા નોટિસો આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ માટે આજે સવારથી પોલીસ બંદોબસ્ત હેઠળ ટીમો ઉતારવામાં આવી છે અને દબાણકારોને હાથોહાથ કલમ ૨૦૨ની નોટિસો આપવામાં આવી રહી છે.મળતી માહિતી મુજબ અહીં વસવાટ કરતા લોકોએ આ મામલે હાઈકોર્ટમાં પણ પહોંચ્યા છે એને ખાસ અદાલતને વિનંતી કરી છે કે તંત્ર દ્વારા પહેલા વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવામાં આવે ત્યારબાદ જ જે ડિમોલિશનની કામગીરી છે તે હાથ ધરાય પરંતુ આ અંગે તંત્ર દ્વારા હજુ સુધી કોઈ મગનું નામ મરી પાડવામાં આવ્યું નથી.

# શેરી ફેરીયાઓ માટે આજથી બે દિવસ લોન સહાય કલ્યાણ મેળો

## લોન અરજી, બેંક લેવલે મંજુરી માટે પેન્ડીંગ અરજીઓ માટે બેન્કોની ઉપસ્થિતિમાં આયોજન

રાજકોટ, તા.૨૭

શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ની ઉજવણીના ભાગ રૂપે ભારત સરકાર દ્વારા શેરી ફેરિયાઓ માટે ઁખ SVANidhi (PM Street Vendors Atma Nirbhar Nidhi) યોજના મારફત શેરી ફેરિયાઓ તેઓની આજીવિકા પુનઃસ્થાપિત કરી આત્મનિર્ભર બને તે હેતુસર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આ યોજના જાહેર કરવામાં આવી છે. આ યોજના હેઠળ ફેરિયાઓ તેમનો વ્યવસાય શરુ કરી શકે તે હેતુથી તબક્કાવાર વર્કિંગ કેપિટલ લોન સિક્યુરીટી વિના બેંકો મારફત મળવાપાત્ર થાય છે. આ યોજનામાં સમગ્ર રાજકોટ શહેરના હોકર્સ ઝોન તથા શહેરના છુટાછવાયા સ્થળે ફેરી કરતા મહત્તમ શેરીફેરિયાઓને લાભ મળી રહે તે હેતુસર નવા લાભાર્થીઓ માટે લોન ફોર્મ ભરવા તથા જે લાભાર્થીઓની લોન અરજી બેંક લેવલે મંજુરી માટે પેન્ડીંગ છે તેમની અરજીઓના નિકાલ, લોન મેળવેલ ફેરિયાઓ તથા તેમના પરિવારજનોનું સામાજિક-આર્થિક પ્રોફાઈલિંગ થકી સરકારની અન્ય યોજનાઓનો લાભ મળી રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા લોક કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં તારીખઃ- ૨૮ ને બુધવાર મહાનગરપાલિકા, પૂર્વ ઝોન વિભાગીય કચેરી, મીટીંગ હોલ, પ્રથમ માળે, ભાવનગર રોડ, રાજમોતી મિલ સામે, અને તારીખ ૨૯ મી એ મહાનગરપાલિકા વેસ્ટ ઝોન, વિભાગીય કચેરી, મીટીંગ હોલ, પ્રથમ માળે, બીગ બજાર પાસે,૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે સવારે ૧૦ થી સાંજે ૫ સુધી યોજાશે.

આ લોક કલ્યાણ મેળામાં ઁખ જીટઅ ક્ષશમવશ યોજનામાં અલગ-અલગ બેંકોમાં પેન્ડીંગ રહેલ મહતમ લોન અરજીઓ મંજુર થાય તે માટે તમામ બેંકોનાં અધિકારીઓને કેમ્પમાં હાજર રાખી કેમ્પના સ્થળેજ લોન અરજીઓ મંજુર કરવા માટે આયોજન કરાયું છે. સાથોસાથ લોન મંજુરી કેમ્પની સાથે જે ફેરિયાઓ લોન લેવા ઈચ્છુક હોય તેવા લાભાર્થીઓ માટે નવી લોન અરજીઓ પણ કેમ્પના સ્થળ ઉપર ઓન લાઈન કરી આપવામાં આવનાર છે.



આ કેમ્પમાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે વહીવટી તંત્રની સાથોસાથ બેંકોનો સકારાત્મક સહયોગ મળે તે જરૂરી છે. વિશેષમાં, ડીજીટલ પેમેન્ટને પ્રોત્સાહન મળી રહે તે માટે શેરી ફેરિયાઓનુ બેકો તથા ફોન પે તેમજ પે.ટી.એમ.ના એગ્રીગેટર દ્વારા ડીજીટલ ઓન બોર્ડીંગ કરી કેશબેક અંગેની સમજ પણ આપવામાં આવશે. બીજી લોન પૂર્ણ થયેલ લાભાર્થીઓને ક્રેડીટ કાર્ડની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ માટે જેઓની લોન અરજી મંજુરીની પ્રક્રિયામાં છે તથા નવી લોન અરજી કરવા ઈરછુક તમામ લાભાર્થીઓએ કેમ્પનાં સ્થળે આધાર કાર્ડ, પાનકાર્ડ, બેંક પાસબુક ઓરીજીનલ તથા ઝેરોક્ષ તેમજ - પાસપોર્ટ સાઈઝના બે ફોટા તેમજ આધાર કાર્ડ સાથે જોડાયેલ મોબાઈલ નંબર સાથે કેમ્પના સ્થળે ઉપસ્થિત રહેવા મેયર નયનાબેન પેઢડિયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડિયા, શિશુ કલ્યાણ અને ખાસ ગ્રાન્ટ સમિતિના ચેરમેન દિલીપભાઈ લુણાગરિયા દ્વારા અનુરોધ કરાયો છે.

# ગૃહ ઉદ્યોગ પર ફૂડ શાખા ત્રાટકી : તેલના લેવાયા નમુના

## મહાનગરપાલિકાની ફૂડ શાખાની કામગીરીઃ અન્ય બે સ્થળેથી પણ તેલનાં લીધા નમુના

રાજકોટ, તા.૨૭

મહાનગરપાલિકાની ફૂડ શાખાએ ચુનારાવાડમાં આવેલા એક ગૃહ ઉદ્યોગમાંથી રી-યુઝ્ડ પામોલિન તેલ અને ચના જોર ગરમના નમુના લીધા હતા. આવી જ રીતે અન્ય બે સ્થળેથી તેલનાં અલગ અલગ બ્રાન્ડના નમુના લેવાયા હતા. મહાનગર પાલિકાની ફડ શાખાએ ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ ચુનારાવાડ શેરી નં.૧, T.C. વાળી શેરી, આજી નદી કાંઠે આવેલા યાદવ ગૃહ ઉદ્યોગમાંથી રિ યુઝ્ડ પામોલિન તેલ લુઝ અને ચના જોર ગરમના નમુના લીધા હતા.





આ ઉપરાંત ઉમિયા એજન્સી, (ગુંદાવાડી મેઇન રોડ છેડે, ગુંદાવાડી-૨૦) માં થી TILAK GROUNDUNT OIL (FROM 5 LTR PKD), અને ભાવિક ટ્રેડિંગ,( કોઠારીયા રોડ, જૂનું હૂડકો ક્વાટર નં.૦૭, પોલીસ ચોકીની બાજુમા) થી ALFA TRIPLE FILTERD GROUNDUNT OIL (FROM 15 KG PKD) નાં નમુના લીધા હતા.

આ ઉપરાંત ફડ વિભાગની ટીમે FSW વાન સાથે શહેરના રૈયા ટેલિફોન એક્સચેંજ થી ગોપાલ ચોક વિસ્તારમાં ખાદ્યચીજોનું વેચાણ કરતાં ૨૨ ધંધાર્થિઓની ચકાસણી કરી હતી. જેમાં ૧૪ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાદ્ય ચીજોના કુલ ૨૨ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવી હતી.

જેઓને લાયસન્સ માટે સુચના અપાઈ છે તેમાં બાલાજી ડેરી, હર્ષ અમૂલ પાર્લર, જી બાપા અમૂલ પાર્લર, યશ એન્ટર પ્રાઇઝ, માં મોમાઈ નાસ્તા હાઉસ, જલારામ ખમણ હાઉસ, ફેમસ કચ્છી દાબેલી, ગિરિરાજ પ્રોવિઝન સ્ટોર, નીલકંઠ ડેરી ફાર્મ, જનતા પ્રોવિઝન સ્ટોર, જી મેડિકલ, બાલાજી દાળ પકવાન, જય સરદાર ગાંઠિયાનો સમાવેશ થાય છે જ્યારે ઓમ આઇસ્ક્રીમ, સેજપાલ મેડિકલ , જય જલારામ ફરસાણ હ, અમદાવાદ ખમણ હાઉસ, ગણેશ પ્રોવિઝન સ્ટોર હરસિધ્ધી કોલ્ડ્રિંક્સ ,રામદૂત મેડિકલ અને કિશોર સુપર માર્કેટની ચકાસણી કરવામાં આવી હતી.

# વોર્ડ-૩માં નવનિર્મિત લાઈબ્રેરીનું આજે લોકાર્પણ



## શહેરમાં વધુ એક લાયબ્રેરીની શહેરીજનોને મળી ભેટ

રાજકોટ, તા.૨૭

મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડીંગ ચેરમેન જયમીનભાઇ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા અને માધ્યમિક અને આનુષાંગિક શિક્ષણ સમિતિ ચેરમેન રસીલાબેન સાકરીયાની યાદીમાં જણાવે છે કે, વોર્ડ નંબર-૩ના મનહરપુર-૧ વિસ્તારમાં નવનિર્મિત લાઈબ્રેરીનું લોકાર્પણ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવેનાં હસ્તે તા.૨૮ના રોજ સવારે ૧૦ કલાકે મનહરપુર-૧ માધાપર ચોકડી થી આગળ જામનગર રોડ તરફ સર્વિસ રોડ પર જતા બ્રીજ પૂર્ણ થાય ત્યાં આગળ ડાબી બાજુ, રાજકોટ જીલ્લા બેંક વાળી શેરી, આરોગ્ય કેન્દ્રની બાજુમાં કરવામાં આવશે. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે.

શહેરમાં નવા ભળેલા વિસ્તાર વોર્ડ નંબર ૩ મનહરપુર ૧ જામનગર રોડ વિસ્તારમાં નવી લાઈબ્રેરી બનાવવામાં આવેલી છે. આ લાઈબ્રેરી ૮૦ ચોરસ મીટર હયાત બિલ્ડીગમાં રીનોવેશન કરી કાર્યરત કરવામાં આવી છે, તેમાં અંદાજિત ૩૦ લાખ જેવો ખર્ચ કરવામાં આવ્યો છે, જેમાં લાઈબ્રેરિયન ઓફીસ, વિદ્યાર્થી ભાઈઓ માટે વાંચનાલય રૂમ, વિદ્યાર્થી બહેનો માટે વાંચનાલય રૂમ, પુસ્તકો આપલે માટે ઈશ્યુ કાઉન્ટર, પુસ્તકો માટે સુંદર ફર્નિચર, છાપા તથા મેગેઝીન માટે જનરલ વાંચનાલય, પીવાના પાણી માટે વોટર કુલર અને એક્વાગાર્ડ, ભાઈઓ અને બહેનો માટે અલગ ટોયલેટ બાથરૂમ, જેવી સુવિધા લાઈબ્રેરી બિલ્ડીગમાં કાર્યરત કરેલ છે. મહાનગરપાલિકા દ્વારા નવી લાઈબ્રેરી સંગ્રહમાં ૭૧૪૪ પુસ્તકોનું કલેક્શન, ૪૦ વિવિધ ભાષા અને વિષયોનાં મેગેઝીન, ૧૦ ગુજરાતી અને અગ્રેજી -વર્તમાન પત્રોની વાંચવા મળે તેવી વ્યવસ્થા કરાઈ છે.

# બાંધકામનો પ્લાન મંજુર કરવા ફાયર NOC જરૂરી

## ટાઉન પ્લાનિંગ વિભાગ અને ફાયર વિભાગ વચ્ચે નહીં રહે સંકલનનો અભાવ : ફાયરના નિયમ વિરોધ બાંધકામ હશે તો નહીં મળે એનઓસી

રાજકોટ, તા. ૨૭

મહાનગરપાલિકાના ફાયર વિભાગ અને ટાઉન પ્લાનિંગ વિભાગ વચ્ચે જે સંકલનનો અભાવ જોવા મળતો હતો તેનો અંતે નિકાલ આવ્યું હોવાનું હાલ જાણકાર વર્તુળો ચરચી રહ્યા છે હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ હવે ફાયરના ધારા ધોરણ મુજબ જ બાંધકામ થયું છે કે કેમ તે જાણ્યા બાદ અને તેની ચકાસણી કર્યા બાદ વધારાના બાંધકામને મંજૂરી આપવામાં આવશે તેવો હાલ સરકારે નિર્ણય લીધો છે. બીજી સૌથી મોટી વાત એ છે કે હાલ આ તમામ બાબતની જવાબદારી હવે ટાઉન પ્લાનિંગ વિભાગની છે. સૂત્રોના જણાવ્યા મુજબ ઘણા ખરા બાંધકામો આજની તારીખે પણ રેગ્યુલરાઈઝ થયા નથી કારણ કે તેમની અરજીનો પેજ ટાઉન પ્લાનિંગ વિભાગ અને ખાસ તો ફાયર વિભાગ વચ્ચે ડોલી રહ્યો છે. જેથી ફાયર વિભાગની જવાબદારી હાલ ફિક્સ કરવામાં પણ આવી છે..



રાજય સરકારના ઈમ્પેકટ ફીના કાયદામાં હવે ફાયરના નિયમોનું પાલન અનિવાર્ય હોય મંજૂરી માટે ફાઇલ મુકવામાં આવે ત્યારે ટીપી વિભાગ દ્વારા ફાયરના ધોરણ મુજબ બાંધકામ થઇ રહ્યુ છે કે કેમ તે જાણયા બાદ જ વધારાના બાંધકામને મંજૂરી આપવામાં આવશે. જેથી હાલ ચકાસણી મુલત્વી રાખવામાં આવી છે. આથી હવે મુખ્ય જવાબદારી ટાઉન પ્લાનિંગ વિભાગની થઇ છે. ઈમ્પેક્ટ ફી હેઠળ હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ ઈમ્પેક્ટ હેઠળ વધારાના બાંધકામો માટે કોમર્શિયલ અને રહેણાંકમાં ફાયરના નિયમો અલગ અલગ લાગુ થતા હોય છે અને જેને ધ્યાને લઈને જ હાલ અનેકવિધ અરજીઓ પેન્ડિંગ પડેલી છે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ હવે ટાઉન પ્લાનિંગ વિભાગની જવાબદારી ફિક્સ થઈ ચૂકી છે ત્યારે ફાયર વિભાગ દ્વારા ચકાસણી કરતી વેળાએ અમુક બાંધકામમાં ફાયર સેફ્ટી ના નિયમોનું પાલન થતું ન હોવાનું જાણવા મળ્યું હતું અને પરિણામ સ્વરૂપે ફાયર એનઓસી પણ આપવામાં આવતા નથી જે પેચીદો મુદ્દો સાબિત થયો હતો.

ઈમ્પેકટ ફી હેઠળ વધારાના બાંધકામોમાં કોમર્શિયલ અને રહેણાકમાં ફાયરના અલગ અલગ નિયમો લાગુ છે. વધારાનું બાંધકામ કરતી વેળા ટીપી વિભાગમાં મંજૂરી મેળવવાની થાય છે. જે મળ્યા બાદ બાંધકામ તૈયાર થઇ ગયા બાદ ફાયર વિભાગ દ્વારા ચકાસણી કરતી વેળા અમુક બાંધકામોમાં ફાયર સેફટીના નિયમોનુ પાલન ન થતુ હોય આ બાંધકામ માટે ફાયર એનઓસી ફાળવવી મુશ્કેલ બને છે.

આસામીએ ફરી બાંધકામમાં ફેરફાર કરવા પડે છે. હવે ટીપી વિભાગને આ જવાબદારી સોંપવામાં આવી છે. ઓનલાઇન અથવા ઓફલાઇન ઇમ્પેકટ ફી માટે વધારાના બાંધકામની અરજી થાય ત્યારે આ બાંધકામ થયા બાદ ફાયર એનઓસીની જરૂરીયાત હોય તેવા બાંધકામોને ફાયર એનઓસી મળી શકે તેવુ બાંધકામ છે કે નહીં તેની તપાસ કર્યા બાદ મંજૂરી આપવામાં આવશે. ત્યારબાદ આસામી દ્વારા ફાયર એનઓસી માટે અરજી કરવામાં આવે એટલે ફાયરની ભૂમિકા શરૂ થશે. વાણિજ્ય અને રહેણાકમાં ફાયર એનઓસી ફાળવ્યા બાદ રીન્યુઅલની જવાબદારી એફએસઓને સોંપાઇ છે.

મળતી માહિતી મુજબ હાલજે નિર્ણય લેવામાં આવ્યો છે તેના અનેકવિધ પરિભાષા પણ છે કારણ કે જ્યાં સુધી ફાયર એનઓસી ના મળે ત્યાં સુધી ઈમ્પેક્ટ હેઠળ તમારું વધારાનું બાંધકામ માન્ય રહેતું નથી તો સામે બીજી તરફ પ્રશ્ન એ પણ ઉભો થયો છે કે ઘણા ખરા વધારાના બાંધકામ થઈ ગયા હોય પરંતુ તે ફાયર વિભાગ ના નિયમોને આધીન છે કે કેમ તે પણ જોવામાં આવશે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# એકલો નહિ હોય

## આતંકના મૂળિયા ખોદવા પડશે, શંકાસ્પદો ખુણેખુણે ખદબદે છે



નવસારીમાં યુપીનો એક યુવક ઝડપાયો છે,જે આતંકી સંગઠનો સાથે ગાઢ રીતે સંકળાયેલો હોવાનો આરોપ છે. આ ઘટના સામાન્ય નથી.

નવસારીમાંથી ઝડપાયેલું આતંકવાદી કનેક્શન લાલબત્તી સમાન છે. આ પકડાયેલી કડી માત્ર હિમશીલાની ટોચ હોઈ શકે છે. આ આરોપી એકલો હોય તેવી શક્યતા નહિવત છે. તેની પાછળ આખું નેટવર્ક હોવાની આશંકા છે. આતંકના મૂળિયાં હવે ઊંડા ઉતરી રહ્યા છે. તેને ખોદીને બહાર કાઢવા જ પડશે. શંકાસ્પદ તત્વો હવે ગલીએ-ખૂણે છુપાયેલા હોઈ શકે છે. આ કોઈ સામાન્ય ગુનો નથી, પણ રાષ્ટ્રની સુરક્ષાનો ગંભીર મુદ્દો છે.

સૌરાષ્ટ્રમાં પણ આવી જ સ્થિતિ હોવાની ભીતિ સેવાઈ રહી છે. સૌરાષ્ટ્રનો વિશાળ દરિયાકાંઠો હંમેશા સંવેદનશીલ રહ્યો છે. ત્યાં વધતી જતી પરપ્રાંતીય હિલચાલ ચિંતાનો વિષય છે. મજૂરી કે વ્યવસાયના બહાને આવતા લોકોમાં કોણ છે, તે જાણવું જરૂરી છે. કેટલીક વિધર્મી પ્રવૃત્તિઓ શંકાના દાયરામાં છે. સ્થાનિક સ્તરે અચાનક બદલાતું વસ્તીનું માળખું અને શંકાસ્પદ લોકોનો વસવાટ મોટા જોખમ તરફ ઈશારો કરે છે.

સૌથી મોટી ચિંતા તંત્રની ઉદાસીનતા છે. શું પોલીસ અને વહીવટી તંત્ર આ બાબતે પૂરતું ગંભીર છે? માત્ર કાગળ પરની તપાસથી આતંક અટકશે નહીં. ભાડુઆતોની નોંધણીમાં હજુ પણ બેદરકારી જોવા મળે છે. શંકાસ્પદ લોકોની અવરજવર પર પૂરતી નજર રખાતી નથી. આ શિથિલતા જ આતંકવાદીઓને મોકળું મેદાન પૂરું પાડે છે. જો સમયસર પગલાં નહીં લેવાય, તો ગુજરાત પર મોટું જોખમ મંડાઈ રહ્યું છે. સ્લીપર સેલ શાંતિના ટાપુને ગમે ત્યારે હચમચાવી શકે છે.

આતંકવાદીઓ હવે સોફ્ટ ટાર્ગેટ શોધી રહ્યા છે. નવસારીની ઘટનાએ સાબિત કર્યું કે તેઓ ગમે ત્યાં હોઈ શકે છે. સ્થાનિક સુરક્ષા તંત્રએ હવે ઊંઘમાંથી જાગવું પડશે. દરેક શંકાસ્પદ ગતિવિધિનું બારીકાઈથી નિરીક્ષણ કરવું પડશે. સીમાવર્તી અને દરિયાઈ વિસ્તારોમાં ખાસ પેટ્રોલિંગ વધારવાની જરૂર છે. જનતાએ પણ જાગૃત બનીને સહકાર આપવો પડશે. આતંકના આ ઝેરીલા છોડને વધતો અટકાવવો એ જ અત્યારની પ્રાથમિકતા હોવી જોઈએ. જો અત્યારે મૂળિયાં નહીં ખોદાય, તો ભવિષ્યમાં ભારે કિંમત ચૂકવવી પડી શકે છે.




# બજેટ સત્ર પહેલા સર્વપક્ષીય બેઠક

## ૩૯ પક્ષોના ૫૧ નેતાઓએ ભાગ લીધો : ૧લી રજૂ થશે બજેટ

નવીદિલ્હી, તા. ૨૭

સંસદના બજેટ સત્રની શરૂઆતના એક દિવસ પહેલા મંગળવારે એક સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી, જેમાં બંને ગૃહોમાં કાયદાકીય કાર્ય અને અન્ય વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલી સર્વપક્ષીય ફ્લોર લીડર્સની બેઠકમાં દરેકના સૂચનોની નોંધ લેવામાં આવી હતી. આ બજેટ સત્ર છે, જે વર્ષનું પહેલું સત્ર છે, જે આજથી શરૂ થશે. આજથી રાષ્ટ્રપતિનું સંબોધન થશે, અને તેના બીજા દિવસે આર્થિક સર્વે રજૂ કરવામાં આવશે. બજેટ ૧ ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવશે. બાદમાં, રાષ્ટ્રપતિના સંબોધન પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા કરવામાં આવશે. રિજિજુએ કહ્યું કે અમે તમામ પક્ષોને ચર્ચામાં ભાગ લેવા અને સંસદનું સુગમ સંચાલન સુનિશ્ચિત કરવા વિનંતી કરી છે. જેમના પોતાના મંતવ્યો છે તેઓ રાષ્ટ્રપતિના નાણાં પ્રસ્તાવ પર ચર્ચામાં ભાગ લઈ શકે છે.

તેમણે કહ્યું કે આજે ૩૯ પક્ષોના ૫૧ નેતાઓએ બેઠકમાં ભાગ લીધો હતો. ‘‘અમે દરેકને અપીલ કરીએ છીએ કે ભારત વિશ્વનું સૌથી મોટું લોકશાહી છે. આપણે સંસદીય લોકશાહી જાળવી રાખવી જોઈએ અને જે હેતુ માટે લોકોએ અમને ચૂંટ્યા છે તે પૂર્ણ કરવો જોઈએ.‘‘ તેમણે વિનંતી કરી કે નિયમો અનુસાર ચર્ચાઓ થવી જોઈએ. તમને બોલવાની સ્વતંત્રતા છે, પરંતુ અન્ય લોકોને પણ ગૃહમાં પોતાના વિચારો વ્યક્ત કરવાનો અધિકાર છે. કોંગ્રેસ અને કેટલાક અન્ય વિપક્ષી પક્ષોએ કહ્યું કે બુધવારથી શરૂ થઈ રહેલા સંસદના બજેટ સત્રમાં મનરેગા, મોદી સરકારની વિદેશ નીતિ, યુએસ ટેરિફ, ડોલર સામે રૂપિયાનો ઘટાડો, વાયુ પ્રદૂષણ અને જાહેર હિતના ઘણા મુદ્દાઓ ઉઠાવવામાં આવશે. રાજ્યસભામાં કોંગ્રેસના ઉપનેતા પ્રમોદ તિવારીએ પણ આરોપ લગાવ્યો હતો કે સરકાર બંધારણીય અધિકારો રદ કરી રહી છે અને બંધારણીય સંસ્થાઓને નબળી બનાવી રહી છે.

તેમણે કહ્યું, ‘‘વિપક્ષ વિદેશ નીતિનો મુદ્દો પણ ઉઠાવશે. આપણી વિદેશ નીતિ ક્યાં પહોંચી છે? કોઈ આપણી સાથે ઉભું નથી. અમને એ પણ ખબર નથી કે કોને ટેકો આપવો, કોણ આપણી સાથે ચાલશે.‘‘ સંસદનું બજેટ સત્ર આવતીકાલે, બુધવારથી શરૂ થઈ રહ્યું છે. આ પહેલા, મંગળવારે એક સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી, જ્યાં કાયદાકીય કાર્ય અને બંને ગૃહોના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું, ‘‘અમે બધાના સૂચનોની નોંધ લીધી.‘‘

# નવા UGC નિયમોને લઈને વિવાદ ચાલુ

## UGCથી કોઈ ભેદભાવ થશે નહીં : ધર્મેન્દ્ર પ્રધાન

નવીદિલ્હી, તા. ૨૭

નવા UGC નિયમોને લઈને વિવાદ ચાલુ છે. દરમિયાન, કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને એક મહત્વપૂર્ણ નિવેદન બહાર પાડ્યું છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, દરેકને ખાતરી આપું છું કે કોઈ ભેદભાવ થશે નહીં. કોઈ પણ કાયદાનો દુરુપયોગ કરી શકશે નહીં. કોઈને હેરાન કરવામાં આવશે નહીં. દરમિયાન, UGC નિયમો સામે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવામાં આવ્યો છે. કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે આ નિયમો જાતિ આધારિત ભેદભાવની સમાવેશી વ્યાખ્યા અપનાવે છે અને સંસ્થાકીય સુરક્ષામાંથી ચોક્કસ શ્રેણીઓને બાકાત રાખે છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં જણાવાયું છે કે, ‘‘UGC દ્વારા તાજેતરમાં જારી કરાયેલ માર્ગદર્શિકા સમાવેશી છે.‘‘ અરજીમાં નિયમોની ટીકા કરવામાં આવી છે કારણ કે જાતિ ભેદભાવને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોના સભ્યો સામે ભેદભાવ તરીકે કડક રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે.

જાતિ આધારિત ભેદભાવનો અવકાશ ફક્ત SC, ST અને OBC સુધી મર્યાદિત કરીને, UGC એ સંસ્થાકીય સુરક્ષા અને ફરિયાદ નિવારણને સામાન્ય શ્રેણી સુધી અસરકારક રીતે નકારી કાઢ્યું છે. તે




એ પણ ધ્યાનમાં લેવામાં નિષ્ફળ ગયું કે આ વર્ગને તેમની જાતિ ઓળખના આધારે પણ હેરાનગતિ અથવા ભેદભાવનો સામનો કરવો પડી શકે છે. આ નિયમ કલમ ૧૪ (સમાનતાનો અધિકાર) અને ૧૫(૧) (ધર્મ, જાતિ, જાતિ, લિંગ અથવા જન્મ સ્થળના આધારે ભેદભાવ પર પ્રતિબંધ) હેઠળ બાંયધરીકૃત મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે. આ નિયમ બંધારણના કલમ ૨૧ (જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર, જેમાં ગૌરવ સાથે જીવવાનો અધિકાર શામેલ છે)નું ઉલ્લંઘન કરે છે.

# UE-ભારત વિશ્વના સૌથી જૂના-મોટા લોકશાહી દેશો : મોદી

## વેપાર તણાવ વચ્ચે પ્રજાસત્તાક દિવસે ભારત સાથે 'ઐતિહાસિક સંબંધ'ની પ્રશંસા કરતા ટ્રમ્પ

નવીદિલ્હી, તા. ૨૭

બંને દેશો વચ્ચે વેપાર વિવાદો અને નીતિગત મતભેદોને લીધે દ્વિપક્ષીય સંબંધોને તણાવપૂર્ણ રહ્યા હોવા છતાં, યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે ભારત અને અમેરિકાને ‘‘ઐતિહાસિક બંધન‘‘ સાથેના ભાગીદારો ગણાવ્યા હતા અને ભારતના ૭૭મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી હતી.

નવી દિલ્હીમાં યુએસ દૂતાવાસ દ્વારા શેર કરાયેલ ટ્રમ્પનો સંદેશ એવા સમયે આવ્યો હતો જ્યારે બંને દેશો વચ્ચેના સંબંધોમાં ટેરિફ, ઇમિગ્રેશન અને વ્યૂહાત્મક મતભેદોને લઈને વિવાદ ચાલી રહ્યો છે. ટ્રમ્પે કહ્યું કે, યુનાઈટેડ સ્ટેટ્સના લોકો વતી, હું ભારતના સરકાર અને લોકોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું અને તમારો દેશ ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરી રહ્યો છે. યુનાઈટેડ સ્ટેટ્સ અને ભારત વિશ્વના સૌથી જૂના અને સૌથી મોટા લોકશાહી તરીકે ઐતિહાસિક



બંધન ધરાવે છે.

યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ પણ શુભેચ્છા પાઠવી, અને મુખ્ય ક્ષેત્રોમાં સહયોગ વધારવાનો નિર્દેશ કરતા કહ્યું કે, સંરક્ષણ, ઊર્જા, મહત્વપૂર્ણ ખનિજો અને ટેકનોલોજી પરના અમારા ગાઢ સહયોગથી લઈને ક્વાડ દ્વારા અમારા બહુ-સ્તરીય જોડાણ સુધી, યુએસ-ભારત સંબંધો અમારા બંને દેશો અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર માટે વાસ્તવિક પરિણામો આપે છે. હું આગામી વર્ષમાં અમારા સહિયારા ઉદ્દેશ્યોને આગળ વધારવા માટે સાથે મળીને કામ કરવા માટે આતુર છું.

ભારતમાં યુએસ એમ્બેસેડર સર્જિયો ગોરે કર્તવ્ય પથ ખાતે પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં હાજરી આપી હતી અને આ અનુભવને દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવ્યા હતા. તેમણે કહ્યું કે, ભારત, પ્રજાસત્તાક દિવસની શુભકામનાઓ! ભારતના બંધારણ અને લોકશાહી ભાવનાની ઉજવણી, પ્રથમ વખત પ્રજાસત્તાક દિવસની પરેડમાં હાજરી આપવાનું સન્માન મળ્યું છે. ભારતીય આકાશમાં યુએસ-નિર્મિત વિમાનને જોઈને રોમાંચ થયો, જે યુએસ-ભારત વ્યૂહાત્મક ભાગીદારીની મજબૂતાઈનું શક્તિશાળી પ્રતીક છે.

આ પરેડ દરમિયાન હવાઈ પ્રદર્શનમાં યુએસ-મૂળના પરિવહન વિમાન C-130J અને અપાચે હેલિકોપ્ટર દર્શાવવામાં આવ્યા હતા. ટ્રમ્પ વહીવટીતંત્રે ભારતીય માલ પર ૫૦ ટકા સુધીના ટેરિફ લાદ્યા પછી સંબંધોમાં વિવાદની પૃષ્ઠભૂમિ સામે પ્રજાસત્તાક દિવસની શુભેચ્છાઓ આપવામાં આવી હતી. આ ટેરિફમાં ભારત દ્વારા રશિયન તેલની ખરીદી સાથે જોડાયેલ ૨૫ ટકા દંડાત્મક લેવીનો સમાવેશ થાય છે. આ પગલાંથી નવી દિલ્હીમાં તીવ્ર પ્રતિક્રિયાઓ આવી અને બંને દેશો વચ્ચે વેપાર પ્રવાહમાં વિક્ષેપ પડ્યો છે.

બંને પક્ષોએ ગયા વર્ષે પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે અનેક રાઉન્ડની વાટાઘાટો કરી હતી. જો કે, આ વાટાઘાટો સફળ થઈ શકી ન હતી, જેનું મુખ્ય કારણ વોશિંગ્ટન દ્વારા ભારતના કૃષિ અને ડેરી ક્ષેત્રોમાં વધુ પ્રવેશ મેળવવાની માંગ હતી. વેપાર વિવાદો ઉપરાંત, સંબંધો પર અનેક મુદ્દાઓ પર દબાણ આવ્યું છે, જેમાં ગયા વર્ષે મે મહિનામાં ભારત-પાકિસ્તાન સંઘર્ષનો અંત લાવવાનો ટ્રમ્પનો દાવો અને કુશળ ભારતીય કામદારોને અસર કરતી વોશિંગ્ટનની સુધારેલી ઈમિગ્રેશન નીતિઓનો સમાવેશ થાય છે. રાજદ્વારી સૂત્રોએ જણાવ્યું હતું કે વ્યૂહાત્મક અને સંરક્ષણ સ્તરે જોડાણ હોવા છતાં સંબંધોને ફરીથી સ્થાપિત કરવાના પ્રયાસો જટિલ બન્યા છે.

શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# આઝાદી

## ૠતુએ દાદાજીને ‘‘નેશનલ હોલી ડે’’ ઉજવવાનું કારણ શું કામ પુછ્યું?



૨૬ જાન્યુઆરી એ ડીડી પર લાઈવ પ્રોગ્રામ જોતી હતી! શું નજારો હતો! દિલ્હીની આટલી ઠંડીમાં પણ બધા ધ્વજ વંદન માટે આવ્યા હતાં. માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્ર પતિ દ્રૌપદી મૂર્મુ અને સ્પેશિયલ ગેસ્ટ યુરોપિયન

યુનિયનનાં ટોચના નેતાઓ મુખ્ય મહેમાનો હતાં. યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયન, જોકે આ રીતે રાષ્ટ્રીય તહેવાર પર વિદેશી મંત્રીને નિમંત્રિત કરવા આ એક વેપાર નીતિ છે. આ ઉપરાંત કર્તવ્ય પથ પર ભારતના બધાં જ ગણ રાજ્યની ટેબ થીમ જોઈને પણ બહુ સારું લાગ્યું કે, દેશે ૭૭ વર્ષમાં ઘણી પ્રગતિ કરી! ઓપરેશન સિંદૂર વખતે ઉપયોગમાં લેવાયેલ ડિફેન્સ સિસ્ટમનું પ્રદર્શન પણ અદભૂત ફિલીંગ અપાવી ગયું. પરંતુ ભારતનો વિકાસ એકબાજુ અને બીજી તરફ ભારતનો નિગરિક એ રીતે જોઈએ, તો ભારતના નાગરિકો રાષ્ટ્રીય તહેવાર તો ઉજવે છે, દેશ ભક્તિના ગીતો પણ ગાય છે! પણ કેટલી મોંઘી કિંમત ચૂકવવી પડી, ત્યારે આઝાદી મળી છે, એ વાત આજનો નાગરિક ભૂલતો જાય છે, અને એક નહીં તો બીજી રીતે એ વિદેશ તરફની એની ચાહત અથવા વિદેશી વસ્તુઓનાં વપરાશના સ્ટેટસમાં વિદેશી હકુમતનો અથવા તો દારૂ, ડ્રગ્સ, અને સીગરેટ જેવા વ્યસનનો ગુલામ થતો જાય છે! આઝાદી અને સ્વતંત્રતા બંને શબ્દનો અર્થ એક થતો હોવા છતાં બંને અલગ અલગ મહત્વ ધરાવે છે, અને કોઈપણ પ્રકારના બંધન વગર એને સમજવું પણ અઘરું છે! કારણ કે આજકાલની પેઢી સૌથી વધુ કોઈ વાતે ઈરિટેડ હોય તો એ બંધન છે! અને કદાચ એટલે જ એને ધર્મ પણ બંધન લાગે છે! જોકે એમાં એનો વાંક નથી લગભગ બધા ધર્મને એક તહેવાર જેમ અનુસરે છે! તો આઝાદી અને બંધારણ શબ્દનાં અર્થનું મહત્વ કંઈક જુદી રીતે!

નાનકડી ૠતુ પોતાના દાદા સાથે સ્કૂલ બસના બસ સ્ટેન્ડેથી ઘરે પાછી ફરતી હતી અને સ્કૂલમાં આજે શું શું થયું? એની વાત કરતી કરતી ઘરે આવતી હતી! ૠતુ એ કહ્યું દાદા આવતીકાલે નેશનલ હોલી ડે છે, પણ મિસ શ્રુતિ એ અમને ફોર્સ કર્યો છે કે, બધાએ સ્કૂલે આવવાં નું છે, અને કહ્યું કે આવતીકાલે ૨૬ જાન્યુઆરી એ રિપબ્લિક ડે એટલે કે પ્રજાસત્તાક દિન છે! અને એ દિવસે આપણું બંધારણ પ્રથમ વખત રજૂ કરવામાં આવ્યું હતું. ૧૫ ઓગસ્ટ એ ઈન્ડિપેન્ડન્ટ ડે એટલે કે આઝાદ દિન આવે છે! તો આ બંધારણ અને આઝાદી આ બંનેનો અર્થ અને ડિફ્રન્સ સમજાવો!

દાદાજી અસમંજસમાં પડી ગયાં, ત્યાં એણે જોયું કે સામેથી મોહનલાલનો નાનો દિકરો પ્રિયાંક શેરીનુ કૂતરું કે જેનું નામ એણે રોકી રાખ્યું હતું, એની સાથે રમતો હતો. એણે કહ્યુ કે જો રોકી રમે છે! ૠતુને રોકી બહુ જ ગમતું,પણ મમ્મી કહેતી કે એ ગમે તેવું ખાય, ગમે ત્યાં સૂવે એને ન અડાય.. એ તેની મમ્મીને પણ એક ડોગી લેવા કહેતી હતી. રોકી બહાર નીકળી ને તરત જ બાજુવાળા સતીશ અંકલ ની કારના પૈડાં પર સુસુ કરી ગયો, એ જોઈને ૠતુ ખડખડાટ હસવા લાગી, કારણકે સતીશ અંકલ બહુ જ ડિસિપ્લીનમાં માનતા હતાં અને રમતમાં ઘણીવાર દડો એનાં ફળિયામાં જાય તો આપે પણ તરત નહીં! દાદાજી એ તરત કહ્યુ કે આ ડોગી ને કેમ રહેવું? કેમ બેસવું? કેમ અને શું ખાવું?કે ક્યાં આવુ બધું કરવું? એવી કોઈ રોકટોક નથી! જ્યારે માણસને અમુક રીતે જ રહેવાનું હોય!: શું ખાવું, શું પીવું, કેમ રહેવું! શું બોલવું? આ બધું પાછાં આપણાં શારિરીક અને સામાજિક સ્વાસ્થ્ય માટે પણ જરૂરી હોય, એવી નિયમાવલી બને, જેને બંધારણ કહેવાય. ૠતુ એ કહ્યું ધેટ મિન્સ ડિસીપ્લિન! હા એક રીતે એ જ પણ..,ૠતુ એ કહ્યું, જેમ કે મમ્મી તમને સારું નથી રહેતું એટલે ભજીયા, ઢોકળા, કે બ્રેડ સેન્ડવીચ ની બદલે ખાખરા જ આપે છે! અને ડાયાબિટીસ ન થાય એટલે મીઠાઈ પણ નથી આપતી! પણ દાદાજી દાદી હતાં ત્યારે તો તમે બધું જ... દાદાજીની આંખમાં પાણી આવી ગયાં, એણે કહ્યુ દરેક ઘરનું બંધારણ દરેકનાં સ્વાસ્થ્ય મુજબ હોય. જ્ઞાતિ કે પછી સમાજના પોત પોતાનાં નિયમો કે રીતિ રિવાજ હોય શકે, પરંતુ સૌનો દેશ તો આખરે એક જ છે! એટલે આખાં દેશનાં સામાજિક માળખાને મજબૂત બનાવે એવા નિયમોથી જે બને એને બંધારણ કહેવાય.

દાદાજી વિચારતાં હતાં કે આઝાદીનો અર્થ કંઈ રીતે સમજાવું! એટલીવારમાં તો ઘર આવી ગયું! અને ૠતુ ની મમ્મી એટલે કે અનીતા એ કહ્યુ કે પપ્પા આજે મારી બે ફ્રેન્ડ આવવાની છે, એટલે તમે... દાદાજી નત મસ્તકે પોતાના રુમમાં ચાલ્યાં ગયા! અને જતાં જતાં એણે ૠતુ સામે જોયું જાણે કે કહેતાં હોય કે આને ગુલામી કહેવાય! અને તારી મમ્મી આઝાદ! છતાં ઘરમાં તો રહેવા મળે છે, નહીં તો પેલા અરવિંદ જેમ વૃદ્ધાશ્રમમાં દાખલ કરી દે..! કારણ કે દિકરો અનિલ તો વ્યસની હતો, એટલે અનીતા વહું એ સંપૂર્ણ વહીવટ પોતાના હસ્તક કરી લીધો હતો! ૠતુ ને થતું હતું કે આવું તે કેવું બંધારણ કે જેમાં દાદાજી ને કોઈ સ્વતંત્રતા નહીં?

મીના ને વંશી નામની એક નાનકડી દીકરી હતી, અને એ એક સિંગલ મધર હતી! એનો પતિ એક એક્સિડન્ટમાં માર્યો ગયો હતો. એ એક સ્કૂલમાં નોકરી કરતી હતી! યુવાનીમાં તારે કારણે દિકરો જતો રહ્યો, એમ કહી સાસુ સસરા એ સંબંધ કાપી નાખ્યો હતો. વંશીને પોપટ બહુ ગમતાં અને એટલે મમ્મીએ પોતે નોકરી પર હોય ત્યારે વંશી ને કંપની આપવા એક પોપટ લીધો હતો, અને એનું નામ મીઠું હતું! પણ પોપટને પીંજરામાં રાખવો પડતો હતો! અને સાત સારી રીતે રાખવાં છતાં એ ઘણીવાર ઉદાસ રહેતો હતો! વંશી એ એકવાર એની મમ્મીને પૂછ્યું કે મીઠુંને આપણે એને ભાવે એવું જમવાનું આપીએ છીએ! એને ગમે એવાં ગીતો વગાડી એ છીએ, છતાં એ કેમ ઉદાસ રહે છે! મીના એ દિકરીને આઝાદીનો અર્થ સમજાવતાં કહ્યુ કે તું એકવાર વેકેશનમાં જીદ કરીને તારા અંકલ આંટી સાથે ગઈ હતી, અને શરું શરુંમા તને મોટું શહેર હોવાથી, મોલ મલ્ટીપ્લેક્સ અને પીત્ઝા, બર્ગર, પાસ્તા, વગેરેમાં મજા પણ આવી, પરંતુ એક વીકમા જ મારે તેડવા આવવું પડ્યું હતું! એમ આ પોપટને પણ એનું ઘર એનાં પરિવારજનો યાદ આવતાં હોય! પોતે ઈચ્છે ત્યાં ઉડવું હોય! જે ઝાડ માંથી ફળ ખાવું હોય ત્યાંથી ખાઈ શકે! બીજા પક્ષીઓ સાથે આકાશમાં ઉંચી ઉડાન ભરવી હોય, કલબલ કરીને આખું ઝાડ ગજવવુ હોય, એને આ પીંજરાનું બંધન કેમ ગમે! ભલેને રુપાળુ કેમ ન્હોય! વંશી ઉભી થઈ અને પીંજરું બારી પાસે લઈ ગઈ અને એને ખોલી નાખ્યું અને તરત જ મીઠું, મીઠો મીઠો કલશોર કરીને ઉડી ગયો! અને મમ્મીને કહ્યું કે હવે તો એ આઝાદ છે ને! મમ્મી એ કહ્યું હાં! અને પોતાની દિકરીના એકલતા નાં એકમાત્ર સહારાને પણ એણે મુક્ત કરી દીધો!

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

ગુજરાત સરકારના ઓપરેશન મ્યુલ હન્ટ અંતર્ગત અરજીની તપાસમાં ખુલી ચોંકાવનારી હકિકત

# ગાંધીગ્રામના શખ્સના એકાઉન્ટમાં ૭૨ કરોડના ટ્રાન્જેકશન

## જોગી એન્ટરપ્રાઇઝ નામની કહેવાતી પેઢીના સંચાલકના ત્રણ અલગ અલગ બેંકમાં થયેલા ટ્રાન્જેકશનની વિગતો જોઇ પોલીસ પણ ચોંકીઃ સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી

રાજકોટ, તા.૨૭

શહેરના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં સાયબર ક્રાઇમની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા નાણાંના મોટા પાયે વ્યવહારો કરવા બદલ જોગી કૃપા એન્ટરપ્રાઇઝ નામની પેઢી અને તેના સંચાલકો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ પેઢી દ્વારા વિવિધ બેંક ખાતાઓનો ઉપયોગ કરી ટૂંકા ગાળામાં પાંચ-દસ નહિ પણપ બોંતેર કરોડથી વધુ રૂપિયાના શંકાસ્પદ ટ્રાન્જેકશન થયા છે.

વિગતો જોઇએ તો આ મામલે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના કોન્સ. કિશોરભાઇ રંગાણીની ફરિયાદ પરથી ગાંધીગ્રામ મોચીનગર-૬માં રહેતાં જોગી એન્ટરપ્રાઇઝ નામની પેઢીના સંચાલક મૈશરૂ હીરાભાઈ ધ્રાગીયા વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો છે. સાયબર ક્રાઇમ પોલીસને તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે આ સમગ્ર કૌભાંડમાં મુખ્યત્વે ત્રણ બેંકોના ખાતાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં એક્સિસ બેંકમાં આશરે રૂપિયા ૨૩.૬૨ કરોડ, બેંક ઓફ બરોડામાં રૂીપયા૩૧.૧૮ કરોડ અને એચડીએફસી બેંકમાં રૂપિયા૧૭.૨૮ કરોડના ટ્રાન્જેકશન થયા હતાં.

આમ ત્રણ બેંક ખાતાઓમાં કુલ મળી કુલ રૂપિયા ૭૨,૦૯,૭૭,૩૭૦ એટલકે કે ૭૨ કરોડથી વધુના ક્રેડિટ વ્યવહારો કરવામાં આવ્યા હતા. આ નાણાં સાયબર ફ્રોડ અથવા ચોરી દ્વારા મેળવીને ખાતામાં જમા કરાવ્યા બાદ તેને રોકડ સ્વરૂપે વિડ્રો-ઉપાડી લેવામાં આવતા હતા. પોલીસ સ્ટેટમેન્ટ મુજબ, આ તમામ રકમ એપ્રિલ ૨૦૨૫ થી ઓગસ્ટ ૨૦૨૫ ના ગાળા દરમિયાન ટ્રાન્સફર કરવામાં આવી હોવાનું ખુલ્યું હતું. આ કેસની ગંભીરતાને જોતા, રાજકોટ શહેર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કિશોરકુમાર કરશનભાઈ રંગાણી દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી હોઇ હવે આ મામલે




પીઆઇ બી.બી. જાડેજા, પીએસઆઇ જી. કે. રાઠોડ સહિતે તપાસ શરૂ કરી હતી.

હાલ પોલીસ આ પેઢીના અન્ય કોઈ સાગરીતો કે પોતા નેટવર્કની સંડોવણી છે કે કેમ તે દિશામાં ઝીણવટભરી તપાસ ચલાવી રહી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર જોગી કૃપા એન્ટરપ્રાઇઝ દ્વારા આચરવામાં આવેલું આ કૌભાંડ માત્ર રાજકોટ પૂરતું મર્યાદિત ન હોઈ શકે. જે રીતે અલગ-અલગ બેંકોના ખાતામાં ટૂંકા સમયમાં કરોડો રૂપિયા જમા થયા અને તુરંત ઉપાડી લેવામાં આવ્યા, તે જોતા આ એક સુવ્યવસ્થિત સાયબર સિન્ડિકેટ હોવાની શંકા છે. પોલીસ હવે આ પેઢી સાથે જોડાયેલા અન્ય નાણાકીય વ્યવહારો, જેના ખાતાઓમાંથી રકમ જમા થઈ છે તેની કડીઓ જોડી રહી છે.

હવે પોલીસે એકસપટ્ર્સની મદદથી આરોપીઓના મોબાઈલ ડેટા અને આઈ.પી. એડ્રેસની તપાસ કરી આ નેટવર્કના મુળ સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે. સરકારના મ્યુલ હન્ટ ઓપરેશન અંતર્ગત અરજીને આધારે તપાસ થતાં આ ચોંકાવનારા કારસ્તાનની વિગતો સામે આવી હતી. આ પેઢીના ખાતાઓ વિરૂધ્ધ ૧૯૩૦ સાયબર ક્રાઇમ હેલ્પ લાઇન પર કુલ ૨૩૯ જેટલી ફરિયાદો મળી હતી.

સાયબર ક્રાઇમ પોલીસ સુત્રોના કહેવા મુજબ હાલ આરોપી ફરાર છે. તેણે આગોતરા અરજી પણ મુકી હતી. જો કે કોર્ટ દ્વારા આદેશ મળ્યો છે કે શરૂઆતમાં આરોપીને નોટીસ મોકલવી અને નોટીસ મળ્યે પણ હાજર ન થાય તો આગળ કાર્યવાહી કરવી. હાલ પોલીસ એ તપાસ કરી રહી છે કે આટઆટલા કરોડના ફ્રોડના રૂપિયા આ શખ્સે પોતાની પેઢીના એકાઉન્ટ્સમાં જમા કરાવી પછી ઉપાડીને કોને આપ્યા? કોના સુધી પહોંચાડ્યા? આ પ્રકારના સાયબર ફ્રોડની ફરિયાદ દાખલ થતાં ચકચાર જાગી છે. તપાસમાં વધુ ચોંકાવનારી વિગતો બહાર આવવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ ઓપરેશન મ્યુલ હન્ડ અંતર્ગત આ પ્રકારના કરોડોના વ્યવહારો થયા હોય તેવા બેંક એકાઉન્ટના ધારકો વિરૂધ્ધ ગુના દાખલ થઇ ચુક્યા છે અને અનેકની ધરપકડો પણ થઇ છે. હવે આ શખ્સ હાથમાં આવ્યે વધુ માહિતી બહાર આવશે.

પાંચ વર્ષની રિલેશનશીપ, પછી કરાયેલા લગ્ન બની ગયા ડખ્ખાનું કારણ

# લવમેરેજ કરનાર યુવાનને, તેની બહેનને ઉઠાવી જવાની ધમકી

## કાલાવડ રોડ પર રહેતાં યુવાનની જામનગર સ્થિત સસરા વિરૂધ્ધ એફઆઇઆરઃ તાલુકા પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટ, તા. ૨૭

અઢી અક્ષરના પ્રેમ અને એ પછી થઇ જતાં પ્રેમલગ્નને કારણે માથાકુટની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. આ પ્રકારના ડખ્ખા સતત પોલીસ ચોપડે ચડતા રહે છે. દરમિયાન શહેરમાં પ્રેમલગ્ન કરનાર એક યુવક અને તેના પરિવારને યુવતીના પિતા દ્વારા જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. સામાજિક વિરોધ વચ્ચે થયેલા આ લગ્નને પગલે સાસરી પક્ષ દ્વારા આચરવામાં આવેલા માનસિક ત્રાસ અને ગુનાહિત ધમકીના મામલે રાજકોટ પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. લવમેરેજ કરનારા યુવાનની બહેનને પણ ઉઠાવી જવાની ધમકી અપાઇ હતી.

ચોંકાવનારી આ ઘટનાની વ્ગિતો પર નજર કરીએ તો રાજકોટના મોટા મવા કાલાવડ રોડ રઘુવીર પાર્ક, શેરી નં. ૦૨, ખાતે રહેતા આશિષ અલ્પાબેન વૈષ્ણવ નામના બાવીસ વર્ષના યુવાનએ જામનગરના વતની એવા પોતાના સસરા મિતેશભાઈ કિશોરભાઈ ભટ્ટ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી આશિષભાઈ માધાપર ચોકડી પાસે આવેલ બ્લુડાર્ટ કુરિયરમાં ડિલિવરી બોય તરીકે સામાન્ય નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

આ બનાવ મામલે ફરિયાદમાં જણાવ્યા મુજબ, આશિષ અને અંકિતા છેલ્લા પાંચ વર્ષથી એકબીજા સાથે પ્રેમસંબંધમાં હતા.



આ દરમિયાન ૧૫-૧-૨૬ના રોજ તેઓએ જામનગર જિલ્લાના કાલાવાડ તાલુકાના નાગપુર ગ્રામ પંચાયત ખાતે કાયદેસર રીતે રજીસ્ટર મેરેજ કર્યા હતા. લગ્ન બાદ આ નવદંપતી સાત દિવસ માટે સાપુતારા ખાતે ફરવા ગયું હતું અને ત્યારબાદ તા. ૨૧/૧થી રાજકોટમાં પોતાના ઘરે રહેવા આવ્યું હતું. લગ્ન પહેલા જ્યારે આશિષભાઈએ અંકિતાના પિતા મિતેશભાઈને મળીને પોતાના સંબંધની વાત કરી હતી, ત્યારે જ તેઓએ ઉગ્ર વિરોધ કરી ગાળાગાળી કરી હતી. લગ્ન બાદ પણ પિતાનો ગુસ્સો શાંત થયો નહોતો.

મિતેશભાઈએ પોતાના મોબાઈલ નંબર ૯૦૩૩૯ ૭૯૨૧૪ પરથી આશિષભાઈની બહેન હેતલનું ઘરેથી ઉપાડી જઈ અપહરણ કરવાની અને અંકિતાને પરત મોકલી દેવા દબાણ કર્યું હતું. જો પુત્રી પરત નહીં આવે તો આખા પરિવારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. ઘટનાએ ત્યારે ગંભીર વળાંક લીધો જ્યારે ગત તા. ૨૪/૦૧ના રોજ અંકિતાના પિતા મિતેશભાઈ ભટ્ટ, સાગરભાઈ માડમ, લાલભાઈ આહીર અને રામભાઈ સહિતના માણસોને લઈને રાજકોટમાં આશિષભાઈના ઘરે પહોંચ્યા હતા. ત્યાં તેમણે અંકિતાને સમજાવીને કે ડરાવીને પરત લઈ જવાનો પ્રયાસ કર્યો હતો.

પરંતુ અંકિતાએ મક્કમતાથી ના પાડી દીધી હતી. આથી ઉશ્કેરાયેલા પિતાએ આશીષ, તેના ભાઈ સુનિલ અને માતા અલ્પાબેનને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વારંવાર મળતી ધમકીઓ અને ઘર પાસે આવીને થયેલા હુમલાના ડરને કારણે અંતે દંપતીએ પોલીસના શરણ લીધા હતા. રાજકોટ શહેર પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ ગુનો દાખલ કર્યો છે. આ કેસની તપાસ હાલ હેડકોન્સ્ટેબલ ભોજભાઈ મોભ ચલાવી રહ્યા છે. પોલીસે આરોપી પિતા અને તેની સાથે આવેલા અન્ય શખ્સો વિરૂધ્ધ કાર્યવાહી કરી હતી. આમ લવમેરેજ વધુ એક વખત ડખ્ખાનું કારણ બન્યા છે. વધુ એક વખત આવો મામલો પોલીસ સુધી પહોંચ્યો છે.

# માધાપર ચોકડીએ ઝૂપડામાં રહેતાં પ્રૌઢને ભાઇ-ભત્રીજાએ ધોકાવ્યા

## મારો દિકરો જે છોકરીને ભગાડી ગયો છે તેના વિશે તારા દિકરાને જાણકારી છે, અમને કહી દે કહી ડખ્ખોઃ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ



રાજકોટ, તા. ૨૭

જામનગર રોડ પર આવેલા માધાપર ચોકડી પાસેના ઝુંપડપટ્ટી વિસ્તારમાં સગા ભાઇઓ વચ્ચે મારામારી થઇ હતી. અહિ ઝૂપડામાં રહેતાં વિરાભાઈ અરજણભાઈ પરમાર નામના આધેડ પર તેમના જ સગા ભાઈ કાનાભાઈ અને ભત્રીજા ગંગલાએ ધોકાથી હુમલો કરતાં લોહીલુહાણ થઇ ગયા હતાં. કાનાભાઈનો પુત્ર દિલીપ જે સમાજની જ એક દીકરીને ભગાડી ગયો હોઇ તેને શોધીને તેના માવતરને પહોંચાડી દેવાની વાત વિરાભાઇએ કરતાં આ ડખ્ખો થયો હતો.

આ બનાવ અંગે વિરાભાઈના જણાવ્યા અનુસાર,તેઓ જ્યારે પોતાના ઘરે હાજર હતા, ત્યારે તેમનો નાનો ભાઈ કાનો ત્યાં આવ્યો હતો. કાનાએ આક્ષેપ કર્યો હતો કે તેનો પુત્ર દિલીપ ક્યાં છે તેની જાણકારી વિરાભાઈના પુત્રને છે. જ્યારે વિરાભાઈએ આ બાબતે અજાણ હોવાનું જણાવ્યું, ત્યારે કાનાએ ઉશ્કેરાઈને ધમકી આપી હતી કે તારો છોકરો ક્યાં છે તે કહે, નહીંતર મજા નહીં આવે. જોતજોતામાં મામલો બિચક્યો હતો અને કાનાભાઈનો પુત્ર ગંગલો પણ ત્યાં પહોંચી ગયો હતો. બંને પિતા-પુત્રએ ઉશ્કેરાઈને વિરાભાઈ પર લાકડાના ધોકા વડે હુમલો કરી દીધો હતો.

આ હુમલા દરમિયાન આસપાસના લોકો એકઠા થઈ જતાં વિરાભાઈનો બચાવ થયો હતો. તેમની દીકરીએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી હતી, જેના દ્વારા તેમને ગંભીર હાલતમાં રાજકોટની સિવિલ હોસ્પિટલના સર્જરી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલમાં પોલીસે આ મામલે વિરાભાઈની ફરિયાદ નોંધી હુમલાખોર ભાઈ અને ભત્રીજા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ફરિયાદી વિરાભાઈએ જત્યમાં એવો પણ ઉલ્લેખ કર્યો છે કે, હુમલાખોર કાનાભાઈનો દીકરો દિલીપ જે દીકરીને ભગાડી ગયો છે, તે મામલે અગાઉથી જ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી છે. વિરાભાઈએ પોતાના ભાઈને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો કે તારો દીકરો જે છોકરીને લઈને ગયો છે તેને શોધીને તેના પિતાને પરત સોંપી દે, એટલે વાત પૂરી થાય. પરંતુ આ સલાહથી ઉશ્કેરાઈને પિતા-પુત્રએ હુમલો કરી દીધો હતો. હાલ આ હુમલા મામલે ગાંધીગ્રામ પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

### રાજકોટ બારના પૂર્વ પ્રમુખ સંજયભાઈ વ્યાસના પત્નીનું અવસાન



**રાજકોટ :** રાજકોટ બાર એસોસિયેશનના પૂર્વ પ્રમુખ એડવોકેટ સંજયભાઈ જીતેન્દ્રભાઈવ્યાસના પત્ની વિશાખાબેન(ઉ.વ.૬૬) તે પ્રતિકભાઈ સંજયભાઈ વ્યાસ(એડવોકેટ), અંકિતાબેન જીગ્નેશભાઈ દવેના માતા, સ્વ. જીતેન્દ્રભાઈ મૂળશંકરભાઈ વ્યાસ(વેસ્ટર્ન રેલ્વે રાજકોટના પૂર્વ ડિવિઝનલ સેક્રેટરી)ના પુત્રવધુ, જયસુખભાઈ જોશી(મુંબઈ)ની પુત્રી, વિજયભાઈ, ધીરેનભાઈના બેન, અજયભાઈ જીતેન્દ્રભાઈ વ્યાસ હિતેશભાઈ વ્યાસના ભાભીનું તા. ૨૭ ના રોજ અવસાન થયું છે.

સદગતની તેમના નિવાસ સ્થાનેથી નીકળેલી અંતિમ યાત્રામાં શહેરના નામાંકિત સીનીયર-જુનિયર વકીલ મિત્રો જોડાયા હતા. રામનાથ પરા સ્મશાનગૃહમાં સદગતની અત્યેષ્ટિવિધિ આટોપાઈ હતી. તેમની પ્રાર્થનાસભા, તા. ૨૯ ને ગુરુવારે, સાંજે ૪-૩૦થી ૬, તેમના નિવાસ સ્થાન, ‘‘માતૃ પિતૃ કૃપા‘‘, ૧૯૧ રેફ્યુજી કોલોની, (સિંધી કોલોની) જુલેલાલ મંદિર પાસે રાજકોટ ખાતે રાખી છે.

વ્યાજંકવાદનો અજગર ભરડો અનેક પરિવારને કરી ચુક્યો છે બરબાદઃ વધુ એક ચોંકાનવારી ઘટના

# વ્યાજ માટે અપહરણ કરી ટાંટિયા ભાગવાની મિત્રને ધમકી!

## ભગવતીપરાના યુવાને દિકરીના લગ્નપ્રસંગ માટે આઠ લાખની કાર ગિરવે મુકી મિત્ર અને તેના મિત્ર પાસેથી ૨.૪૦ લાખ લીધા હતાંઃ નિયમીત વ્યાજ ચુકવ્યું, પૈસાનો મેળ થતાં ગાડી પાછી માંગતા કહેવાયું-હવે કાર ભુલી જા અને બીજા ૩ લાખ લઇને આવ!: ગાંધીગ્રામ પોલીસે બે જણા સામે કરી કાર્યવાહી

રાજકોટ, તા. ૨૭

અજગર ભરડા લઇ લેતાં વ્યાજંકવાદને ડામવા પોલીસ સરકાર ઝુંબેશ ચલાવે છે આમ છતાં આ દુષણ ઠામુકુ દુર થઇ શક્યું નથી તે હકિકત છે. આ વચ્ચે રાજકોટમાં વધુ એક વ્યાજંકવાદનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક ભગવતીપરાનો યુવાન તેના જ મિત્ર અને મિત્રના મિત્રની વ્યાજખોરીમાં ફસાયો છે. દિકરીના લગ્ન પ્રસંગ માટે પોતાની આઠ લાખની કાર ગીરવે મુકીને લીધેલા રૂા. ૨,૪૦,૦૦૦ની સામે ૧,૧૫,૦૦૦ ચુકવી દીધા પછી પૈસાની વ્યવસ્થા થઇ જતાં પૈસા લઇને પોતાની કાર પાછી આપવાનું કહેતાં બંનેએ હવે તું કાર ભુલી જા અને હજી તારે ૩ લાખ દેવાના છે તેમ કહી કાર પડાવી લઇ માથે જતાં ઉઠાવી લેવાની અને ટાંટીયા તોડી નાંખવાની ધમકી આપતાં ગભરાઇને તેણે પોલીસની મદદ લીધી છે.

વ્યાજંકવાદની આ ઘટનાની વિગતો જોઇએ તો આ મામલે ગાંધીગ્રામ પોલીસે ભગવતીપરા અંબિકા પાર્ક બ્લોક નં. ૨ ફાતીમા મસ્જીદની સામે રહેતાં અબ્દુલભાઇ અલીભાઇ સંધી નામના એકતાલીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી રાજકોટના પંકજ કિશોરભાઇ વાયા અને સુરેન્દ્રનગરના તરૂણકુમાર ઉર્ફ શીવમ રાવલ વિરૂધ્ધ મનીલેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અબ્દુલભાઇ પત્નિ અને સંતાનો સાથે રહે છે. એક દિકરીના લગ્ન તા. ૧ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ થયા છે. અબ્દુલભાઇએ જણાવ્યું છે કે એકાદ વર્ષ પહેલા મેં મિત્ર પંકજ વાયા જેની ઓફિસ ૧૫૦ રીંગ રોફ અયોધ્યા ચોકમાં ટ્રેન્ડના શો રૂમ પાસે ૭૦૩ નંબરમાં આવેલી છે ત્યાં મેં દિવાલમાં પોસ્ટર બેનરનું કામ રૂા. ૩૫ હજારમાં કર્યુ હતું. આ રૂપિયા મેં પંકજભાઇ પાસે માંગતા તેણે કહેલુ કે દુબઇથી રૂપિયા આવવાના છે પછી તમને આપીશ.

ત્યારબાદ મારી દિકરીનો લગ્ન




પ્રસંગ નજીક હોઇ મારે પૈસાની જરૂર પડતાં મેં પંકજભાઇને વાત કરી કહેલું કે દિકરીના લગ્ન માટે પૈસાની જરૂર છે. જેથી પંકજભાઇએ મને કહેલુ કે-તારી આઇ-૨૦ કાર મારી પાસે ગીરવે મુક તો તને વ્યાજે રૂપિયા આપીશ. આથી મેં તા. ૩/૨/૨૫ના રોજ સવારે સાડા અગીયારેક વાગ્યે પંકજભાઇ પાસે ગયો હતો અને મારી કાર જીજે૦૬પીએલ-૨૭૪૩ કે જેની કિંમત ૮ લાખની છે તે આપતાં તેણે આ ગાડીના રૂા. ૨,૪૦,૦૦૦ આવશે તેમ કહ્યું હતું. પંકજભાઇએ એમ પણ કહેલું કે આ રકમ હું મારા મિત્ર સુરેન્દ્રનગરના તરૂણકુમાર ઉર્ફ શીવમ રાવલ પાસેથી લઇને આપીશ અને તેનું વ્યાજ ૪ ટકા લેખે દર મહિને રૂા. ૯૬૦૦ થશે. મેં હા પાડતાં મિત્ર પંકજભાઇએ મારો કોન્ટેક્ટ સુરેન્દ્રનગરના તેના મિત્ર તરૂણકુમાર સાથે કરાવ્યો હતો.

એ પછી પંકજભાઇએ તેની ઓફિસે જ મને રૂા. ૧,૩૦,૦૦૦ રોકડા આપી દીધા હતાં. બાકીના ૧ લાખ ગૂગલ પેથી મારા એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતાં. જો કે તેમાંથી ૧૦૦૦૦ વ્યાજના કાપી લીધા હતાં. બાદમાં મેં જામીન પેટે મારી કાર આપી હતી અને સાથે કોરો ચેક માંગતા તે પણ મેં પંકજભાઇને દીધો હતો. આ પછી દર મહિને હું નિયમીત રૂા. ૯૬૦૦ વ્યાજ ભરતો હતો. હું બહારગામ હોઉ તો ગૂગલ પેથી રકમ ચુકવી દેતો હતો. એ પછી મારી પાસે રૂપિયાની સગવડતા થઇ જતાં મેં પંકજભાઇને કહેલું કે રૂપિયાની વ્યવસ્થા થઇ ગઇ છે, હવે મારી કાર મને આપી દો.

આથી તેણે કહેલું કે તમારી ગાડી તો મારો મિત્ર તરૂણકુમાર ઉર્ફ શીવમ પાસે સુરેન્દ્રનગરમાં છે. મેં ત્યાંથી ગાડી મંગાવી આપવાનું કહેતાં પંકજભાઇએ તરૂણને ફોન કરી ગાડી માંગતા તેણે કહેલું કે-અબ્દુલભાઇને કહો હવે ગાડી ભુલી જાય, તમારે વ્યાજે લીધેલા ૨,૪૦,૦૦૦ની સામે હજી બીજા ૩ લાખ આપવા પડશે. તેમ કહી મને ગાડી આપી નહોતી અને પંકજભાઇ તથા તેના મિત્ર તરૂણકુમારે પઠાણી વ્યાજની ઉઘરાણી ચાલુ કરી હતી. આ બંને ફોનથી અને રૂબરૂમાં જેમ તેમ બોલી રૂપિયાનું કરી આપજે નહિતર તને ઉપાડી જવો પડશે તેમ કહી ધમકી આપતાં હોઇ અનો ગાળો દઇ ટાંટીયા ભાંગવાની પણ ધમકી પણ દેતાં હતાં. મેં ૨,૪૦,૦૦૦ વ્યાજે લીધા તેનું ૪ ટકા લેખે રૂા. ૧.૧૫ લાખ જેટલુ વ્યાજ ચુકવી દીધુ છે.

આ પછી મારી પાસે પૈસાની વ્યવસ્થા થઇ જતાં ગાડી પાછી માંગતા બંનેએ વધુ ૩ લાખ માંગી મારી ૮ લાખની કાર પાછી ન આપી વધુ વ્યાજ માટે સતત ઉઘરાણી કરી ગાળો દઇ ધમકીઓ આપવાનું ચાલુ કર્યુ હોઇ કંટાળીને મારે પોલીસને જાણ કરવી પડી હતી. તેમ વધુમાં અબ્દુલભાઇએ કહેતાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ. એસ. આર. મેઘાણીની રાહબરીમાં હેડકોનસ. એમ. જી. જાડેજાએ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી. આમ દિકરીના લગ્ન માટે મિત્ર પાસેથી વ્યાજે નાણા લેનાર યુવાનને મિત્રએ વ્યાજખોરીમાં ફસાવી દઇ કાર પડાવી લઇ વધુ વ્યાજ માંગી ધમકીઓ દીધી હતી. આ કિસ્સામાં દોસ્ત દોસ્ત ના રહા જેવી હાલત વ્યાજે નાણા લેનાર યુવાનની થઇ હતી. પોલીસ આરોપીઓને અટકાયતમાં લઇ વિશેષ કાર્યવાહી કરશે.

### ઓફલાઇન અને ઓનલાઇન ગઠીયાગીરીના તદ્દન નવા જ બે કિસ્સા આવ્યા સામે

# મહિલા પ્રોફેસરને મિત્ર બનાવી કૃણાલની ઠગાઈ!

## બીજી ઘટનામાં અનાજ દળાવી ઘંટીવાળાને ઓનલાઇન ચાલીસ રૂપિયા ચુકવ્યા પછી મહિલાના ખાતામાંથી નવ ટ્રાન્જેક્શનથી ઉપડી ગયા પાંચ લાખ ઓગણીસ હજાર!

રાજકોટ, તા.૨૭

ગઠીયાગીરી અટકતી જ નથી. અમુક ઓનલાઇન ફ્રોડ આચરી જાય છે, તો અમુક એવા ગઠીયા હોય છે જે રૂબરૂ આવીને ખેલ પાડી જાય છે. બે આવી અલગ અલગ ઘટના સામે આવી છે. જેમાં એક કિસ્સામાં યુનિવર્સિટીના મહિલા પ્રોફેસર સાથે કૃણાલ નામના શખ્સે મિત્રતા કેળવી એક ગઠીયાએ તેમને લાગણીમાં લઇ દિકરાની બિમારીનું બહાનુ બતાવી રોકડા પડાવી આ મહિલા પ્રોફેસરનું કરી નાંખ્યું હતું. મહિલા પ્રોફેસરને ઠગાઇની જાણ થતાં નાણા પાછા માંગતા તેણે આપવાની ના કહી દીધી હતી. બીજા કિસ્સામાં એક મહિલાના બેંક ખાતામાંથી નવ જેટલા ટ્રાન્જેકશન કરી પાંચ લાખથી વધુની રકમ ઉપાડી લેવાઇ હતી.

પ્રથમ ઘટના જોઇએ તો અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે નોકરી કરતા મહિલા સાથે એક યુવકે પરિચય કેળવીને મિત્રતા બાંધી હતી યુવકે મહિલા સાથે ઈમોશનલ વાતચીત કરીને ઉછીના પૈસા લીધા હતા જે પૈસા પરતના આપતા મહિલાએ યુવક વિરૂધ્ધ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવતાં તપાસ શરૂ થઇ છે. સેટેલાઈટમાં રહેતા મહિલા પ્રોફેસર ગુજરાત યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે નોકરી કરે છે. મહિલા પ્રોફેસર તેમના દીકરીને શ્રેયસ ફાઉન્ડેશનમાં સ્વિમિંગ માટે લેવા મુકવા જતા હતા ત્યારે તેમને ત્યાં કુનાલ શર્મા સાથે પરિચય થયો હતો.

આ પછી બંને વચ્ચે મિત્રતા બંધાઈ હતી. કુણાલે મહિલા પ્રોફેસર સાથે ઈમોશનલ વાતચીત કરીને થોડા પૈસા ઉછીના લીધા હતા. શરૂઆતમાં ૧૦,૦૦૦ લીધા બાદ કૃનાલે મહિલા પ્રોફેસરને ધંધામાં નુકસાન અને દીકરાની બીમારીનું બહાનું કરીને બીજા ૫૫ હજાર રૂપિયા લીધા હતા. આ પૈસા ત્રણ દિવસમાં પરત આપવાનું કહ્યું હતું પરંતુ પૈસા પરત ન આપીને કૃનાલ અવારનવાર વાયદા કરતો હતો. અંતે છેતરાયાની ખબર પડતાં મહિલા પ્રોફેસરે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં



અરજી આપી હતી. અરજી થયા બાદ કૃનાલે અલગ અલગ રકમના ચેક આપ્યા હતાં. જે ચેક બેંકમાં ભરવા જતાં કૃનાલનું બેંક ખાતુ જ બ્લોક હોવાનું જાણવા મળ્યું હતું. જે બાદ કૃણાલે મહિલા પ્રોફેસરને ૧૧ હજાર રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા, પરંતુ બાકીના ૫૫૦૦૦ આપ્યા નહોતા જેથી મહિલા પ્રોફેસરે કુણાલ સામે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીનો ફરિયાદ નોંધાવી હતી.

બીજી ઠગાઇ પર નજર કરીએ તો નડીયાદના કપડવંજના બારીયાના મુવાડા ગામમાં રહેતા બેતાલીસ વર્ષીય પરિણીતાના બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ૫.૧૯ લાખ બારોબાર ઉપડી ગયા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ બાદ મહિલાના પતિએ બેંકમાં જઈ તપાસ કરતા અજાણ્યા શખ્સોએ નવ દિવસમાં નવ ટ્રાન્જેકશન થકી સાત એકાઉન્ટમાં પૈસા જમા થયા હોવાનું ખૂલ્યું હતુ. આ બનાવ અંગે કપડવંજ ગ્રામ્ય પોલીસે ફરિયાદ નોંધી હતી. કપડવંજના બારીયાના મુવાડા તાબાના અમિનપુરામાં રહેતા મિત્તલબેન પટેલ પરિવાર સાથે રહી છે ત્યારે મહિલાના પતિ નરેશભાઇ ખેતીકામ કરે છે. બારીયાના મુવાડા ગામમાં અનાજ દળવાની ઘંટી વાળા કાંતિભાઈને રૂપિયા ચાલીસ સોશિયલ મીડિયા થકી મોકલ્યા હતા. જેથી નરેશભાઇના પત્નિના એકાઉન્ટમાં ટેક્સ મેસેજ આવ્યો હતો, જેમાં રૂપિયા ચાલીસ ડેબીટ બતાવ્યા હતાં.

જ્યારે એકાઉન્ટમાં કુલ રૂ ૬.૧૦ લાખ હતુ જેમાં રૂપિયા ૫.૧૯ લાખ કેવી રીતે વિડ્રોલ અથવા ટ્રાન્સફર થયા છે તે જાણવા નરેશભાઇ અંતિસર બેંકમાં ગયા હતા.ત્યાં જઈ તપાસ કરતા ટુકડે ટુકડે રૂ ૫.૧૯ લાખ અલગ અલગ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર થયા હોવાનું માલૂમ પડયું હતુ. ત્યારે પૈસા જમ્મુ એન્ડ કાશ્મીર બેન્ક, એરટેલ પેમેન્ટ બેંક, યસ બેંક અને ઇન્ડિયન ઓવર્સીસ બેંકમાં કુલ નવ ટ્રાન્ઝેક્શન થકી ટ્રાન્સફર થયા હતા. આ બાદ બેંકના કર્મચારીઓ નરેશભાઈને સાયબર ફ્રોડની ફરિયાદ કરવા કહ્યું હતુ. આ બનાવ અંગે મિત્તલબેન નરેશભાઇ પટેલે કપડવંજ ગ્રામ્ય પોલીસ મથકે સાત એકાઉન્ટ ધારકો સામે ફરિયાદ નોંધાવી હતી. આ ફ્રોડ કઇ રીતે થયું તે મામલે સાયબર ક્રાઇમ પોલીસ પણ વિચારમાં મુકાઇ ગઇ હતી અને તપાસ શરૂ કરી હતી.

### અમુક કર્મચારી એવા હોય જે જ્યાં ખાય એ થાળીમાં જ થુંકતા હોય છેઃ યુનિવર્સિટી પોલીસમાં નોંધાયો ગુનો

# મેગા માર્ટમાંથી ૮ લાખના બ્રાન્ડેડ કપડાની તસ્કરી!

## સ્ટોર મેનેજર અને કર્મચારીએ સાથે મળી ૮૨૯ નંગ કપડા સગેવગે કરી નાખ્યાના આરોપ સાથે યુનિવર્સિટી પોલીસમાં એફઆઈઆર દાખલ થઇ




રાજકોટ, તા.૨૭

ખાધુ એનુ જ ખોદયું એ કહેવત વધુ એક વખત સાચી ઠરી છે. અમુક કર્મચારીઓ એવા હોય છે જે પોતે જ્યાં નોકરી કરતાં હોય છે ત્યાં જ વિશ્વાસઘાત કરી ઉચાપત કરતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં શહેરના માધાપર ચોકડી જેવા ધમધમતા વિસ્તારમાં આવેલા જાણીતા મેગા માર્ટ શોપિંગ સ્ટોરમાં વિશ્વાસઘાત અને ઉચાપતની ગંભીર ઘટના સામે આવી છે. કંપનીના જ જવાબદાર કર્મચારીઓએ પૂર્વ આયોજિત કાવતરૂં રચીને લાખો રૂપિયાનો માલ-સ્ટોક બારોબાર સગેવગે કર્યો હોવાની ફરિયાદ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

વિગત પર નજર કરીએ તો એમ.એન.ટી. રીટેઈલ કંપનીના ક્લસ્ટર મેનેજર મોહમ્મદ યાસીન રંગવાલા દ્વારા સ્ટોરનું ત્રિમાસિક ઓડિટ કરાવવામાં આવ્યું હતું. એપ્રિલ ૨૦૨૫ થી ૧૭ ઓગસ્ટ ૨૦૨૫ સુધીના ગાળાના ઓડિટ રિપોર્ટમાં જાણવા મળ્યું હતું કે સ્ટોરના ફિઝિકલ સ્ટોક અને ચોપડા પરના સ્ટોકમાં મોટો તફાવત છે. ઝીણવટભરી તપાસ બાદ સામે આવ્યું કે કુલ ૮૨૯ નંગ પીસ-બ્રાન્ડેડ કપડાં સ્ટોરમાંથી ઓછાં છે. આ ઉચાપત કરેલા માલની કુલ કિંમત ૮,૨૯,૮૮૫ જેટલી થવા જાય છે. વધુ માહિતી અનુસાર આરોપીઓએ સ્ટોરમાંથી કોઈ સામાન્ય માલ નહીં પરંતુ પ્રીમિયમ બ્રાન્ડના કપડાંની ચોરી કરી હતી. જેમાં મુખ્યત્વે યુ.એસ. પોલો, એરો, લાઈંગ મશીન આ બ્રાન્ડના જીન્સ, ટી-શર્ટ અને શર્ટ જેવા મોંઘા કપડાંના ઓર્ડર મુજબના પીસની ગણતરી કરતા આ મોટું કૌભાંડ પકડાયું હતું.

પોલીસના કહેવા મુજબ ફરિયાદમાં બે મુખ્ય વ્યક્તિઓના નામ આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છેં પંકજભાઈ ચોરવાડ જે સ્ટોર મેનેજર તરીકે સ્ટોરનો તમામ વહીવટ, સ્ટોક અને નાણાકીય લેવડ-દેવડ સંભાળતો હતો. જ્યારે પ્રથમ બખથારીયા સ્ટાફ કર્મચારી જે પંકજભાઈની નીચે કામ કરતો હતો અને માલ-સ્ટોકની સંભાળ રાખવાની જવાબદારી તેની હતી.

સ્ટોરના ઈન્વેસ્ટરો તાહા હુસેન બલુવાલા અને મોહસીન આગવાનની હાજરીમાં જ્યારે ફરીથી ઓડિટ કરવામાં આવ્યું, ત્યારે પણ આટલો સ્ટોક ઓછો મળતા આ બંને શખ્સોએ મળીને કંપની સાથે વિશ્વાસઘાત કર્યો હોવાનું સ્પષ્ટ થયું હતું.સ્ટોરના ઈન્વેસ્ટરો તાહા હુસેન બલુવાલા અને મોહસીન આગવાનની હાજરીમાં જ્યારે આ માલ-સ્ટોકની ઘટ અંગે સ્ટોર મેનેજર પંકજ ચોરવાડ અને કર્મચારી પ્રથમ બખથારીયાને પૂછપરછ કરવામાં આવી, ત્યારે તેઓ સંતોષકારક જવાબ આપી શક્યા નહોતા. તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે આ બંને શખ્સોએ પોતાની નોકરી દરમિયાન મેગા માર્ટ કંપની સાથે વિશ્વાસઘાત કરી આશરે રૂપિયા ૮,૨૯,૮૮૫ની કિંમતના ૮૨૯ નંગ કપડાં કોઈ પણ રીતે સ્ટોરમાંથી સગેવગે કરી દીધા હતા.

આર્થિક લાભ મેળવવાના બદઈરાદાથી કરવામાં આવેલી આ ઉચાપત અંગે કલસ્ટર મેનેજર દ્વારા ગાંધીગ્રામ-૨ પોલીસને જાણ કરવામાં આવતા, પોલીસે તાત્કાલિક અસરથી આ ગુનાની નોંધણી કરી છે. હાલમાં પોલીસ એ દિશામાં તપાસ કરી રહી છે કે આ ચોરાયેલો માલ કયા માધ્યમથી વેચવામાં આવ્યો છે અને આ કૌભાંડમાં અન્ય કોઈ સ્થાનિક વેપારીઓની સંડોવણી છે કે કેમ. આ મામલે રાજકોટ શહેરના ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૬ (૫) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ ઈન્સ્પેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ વી.જી. ડોડિયાએ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આટલો મોટો જથ્થો આરોપીઓએ ક્યાં વેચ્યો છે અને શું આમાં અન્ય કોઈ વ્યક્તિઓની સંડોવણી છે કે કેમ? આ સહિતની તપાસ થઇ રહી છે. તપાસમાં અન્યોની સંડોવણી ખુલવાની પણ શક્યતા નકારી શકાતી નથી.

# પોરબંદરના યુવાને રાજકોટમાં ખાધો ગળાફાંસો

## રૈયાધારમાં છુટાછેડા પછી માવતરે રહેતી યુવતિએ ફાંસો ખાઇ મેળવ્યું મોત

રાજકોટ, તા.૨૭

આત્મહત્યાની વધુ બે ઘટના બની છે. જેમાં શહેરના કાલાવડ રોડ પર આત્મીય કોલેજ પાછળ જગન્નાથ પ્લોટ ચોકમાં રૂમ રાખીને રહેતાં મુળ પોરબંદરના યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બીજા બનાવમાં છુટાછેડા બાદ રૈયાધાર ઇન્દિરાનગરમાં માવતરને ત્યાં રહેતી યુવતિએ પણ ગળાફાંસો ખાઇ મોત મેળવી લીધુ હતું. બંને અલગ અલગ ઘટનાને પગલે પરિવારજનોમાં શોક છવાઇ ગયો હતો.

પ્રથમ ઘટનાની વિગતો જોઇએ તો જગન્નાથ પ્લોટમાં રહેતાં અઠ્ઠાવીસ વર્ષના યશ લાખાભાઇ વાળા નામના યુવાને ગળાફાંસો ખાઇ લેતાં ૧૦૮ બોલાવાઇ હતી. તેના તબિબે તેને મૃત જાહેર કરતાં તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર યશ મુળ પોરબંદરનો વતની હતો. તેના પરિવારજનો ત્યાં વણકરવાસ પ્લોટમાં રહે છે. પોતે રાજકોટ ચારેક વર્ષથી રહી બ્યુટી પાર્લરની કંપનીમાં નોકરી કરતો હતો. યશ ગઇકાલે સાંજે રૂમ ખાતે હતો ત્યારે સાથેના બીજા છોકરાઓને ટીફીન લેવા મોકલ્યા હતાં. આ છોકરા ટીફીન લઇને આવ્યા ત્યારે તે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળ્યો હતો. ૧૦૮ના તબિબે તેને મૃત જાહેર કર્યો હતો.

પોલીસે જાણ કરતાં પોરબંદરથી પરિવારજનો રાજકોટ પહોંચ્યા હતાં. પિતા લાખાભાઇએ જણાવ્યું હતું કે મારે સંતાનમાં એક મોટી દિકરી અને યશ એક જ દિકરો હતો. દિકરી સાસરે છે. યશના લગ્ન થયા નહોતાં. અમે જ્યારે લગ્નનું કહીએ ત્યારે તે કહેતો કે પહેલા મારે કારકિર્દી બનાવવી છે પછી લગ્ન કરીશ. તે રાજકોટ રહી નોકરી કરતો હતો. હું દિવ્યાંગ હોઉ તે પરિવારનો એક જ આધાર હતો. તેણે કયા કારણે આ પગલુ ભર્યુ તેની અમને પણ ખબર નથી. તાલુકા પોલીસે તપાસ યથાવત રાખી હતી.

બીજા બનાવમાં રૈયાધાર ઇન્દિરાનગરમાં રહેતી વીસ વર્ષની પાયલબેન બચુભાઇ બાંભવા નામની યુવતિએ સાંજે ઘરે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ લેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ મોત થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર પાયલબેન ત્રણ બહેન અને એક ભાઇમાં નાની હતી. તેના સગાના કહેવા મુજબ તેણીના અગાઉ લગ્ન થયા બાદ છુટાછેડા થઇ ગયા હતાં.

અગાઉ તેણી સાસરે હતી ત્યારે આજથી બે વર્ષ પહેલા હનુમાન મઢી નજીક તેણી જ્યાં કામ કરતી હતી તે એપાર્ટમેન્ટમાંથી પડતું મુકતાં ગંભીર ઇજાઓ થઇ હતી. ત્યારથી તેને દુઃખાવો પણ રહેતો હતો. આ કારણે કંટાળીને પગલુ ભર્યુ હોઇ શકે છે. પાયલબેન હાલ માવતરે રહેતી હતી. તેના પિતા ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. સાંજે તેણી અને તેના ભાભી ઘરે હતાં. આ વખતે બીજા રૂમમાં જઇને પગલુ ભરી લીધું હતું.

અપમૃત્યુની ત્રીજી ઘટનામાં ધ્રાંગધ્રાના રામદેવપુર ગામનો વતની અને રાજકોટમાં રિધ્ધી સિધ્ધી સોસાયટી છેલ્લી શેરી સાનીધ્ય એપાર્ટમેન્ટમાં રહી કારખાનામાં મજૂરી કરતો ગૌતમભાઇ મગનભાઇ પરમાર નામનો આડત્રીસ વર્ષનો યુવાન ગત સાંજે મોરબી રોડ રાજલક્ષ્મી સોસાયટી પાસે ટ્રેનની ઠોકરે આવી જતાં કમકમાટી ભર્યુ મોત થતાં પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. બનાવની જાણ થતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ગૌતમભાઇ રાજકોટ એકલો રહી મજુરી કરતો હતો. તે બે ભાઇ અને એક બહેનમાં નાનો હતો. તેને સંતાનમાં બે પુત્ર છે. તેના પત્નિ, પરિવારજનો વતનમાં રહેતાં હતાં. બનાવ અકસ્માતે બન્યો કે આત્મહત્યા કરી? તે અંગે તપાસ થઇ રહી છે.

# જુદાજુદા બે સ્થળોએ આધેડ અને પ્રૌઢના આપઘાત

## ત્રીજા બનાવમાં સફાઇ કામદારનું સફાઇ કામ વખતે હૃદય રોગના હુમલાથી થયું મૃત્યુ

રાજકોટ, તા.૨૭

આપઘાતના વધુ બે બનાવ બન્યા છે. જેમાં એક આધેડે ગળાફાંસો ખાઇને અને એક પ્રૌઢ સળગીને દુનિયા છોડી દીધી હતી. કુવાડવા રોડ પારેવડી ચોક પાસે મહાત્મા ગાંધી પ્લોટ-૩માં રહેતાં ચુમાલીસ વર્ષના મહેન્દ્રભાઇ મનસુખભાઇ મકવાણા નામના આધેડે સવારે ઘરે લોખંડની એંગલમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આપઘાત કરનારા મહેન્દ્રભાઇ એક બહેનથી નાના હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતે બીએસએનએલમાં હેલ્પર તરીકે નોકરી કરતાં હતાં. કલેશના કારણે પગલુ ભર્યાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું. બી-ડિવીઝન પોલીસ વધુ તપાસ કરે છે.

બીજા બનાવમાં નાના મવા જીવરાજ પાર્ક પાસે લક્ષ્મણ ટાઉનશીપ બ્લોક નં. ૪૦૭માં રહેતાં પંચાવન વર્ષના ચમનભાઇ મંગાભાઇ સોલંકી નામના પ્રૌઢે સાંજે અગ્નિસ્નાન કરી લેતાં ઘટના સ્થળે જ મોત થયું હતું. ચમનભાઇએ સોમવારે સાંજે ઘરે અગ્નિસ્નાન કરી લીધું હતું. બનાવની જાણ થતાં ૧૦૮ પહોંચી હતી. તેના તબિબ મહેન્દ્ર ગોસ્વામીએ તેમને મૃત જાહેર કરતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તાલુકા પોલીસને જાણ થતાં હેડકોન્સ. કીશનભાઇ અજાગીયાએ ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર ચમનભાઇ ચાર ભાઇ અને એક બહેનમાં મોટા હતાં અને કારખાનામાં મજૂરી કરતાં હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. બિમારીથી કંટાળી પગલુ ભર્યાનું પરિવારજનોએ કહ્યું હતું.

ત્રીજા બનાવમાં હૃદય રોગના હુમલાથી સફાઇ કામદારનું મોત થયું હતું. ભગવતીપરા મેઇન રોડ પર અયોધ્યા પાર્ક-૨માં રહેતાં સફાઇ કામદાર પિસ્તાલીસ વર્ષના સુનિલભાઇ બાલાભાઇ રાઠોડ કોઠારીયા રોડ નંદા હોલ પાસે મેઇન રોડ પર સવારે સફાઇ કામ કરતાં હતાં ત્યારે એકાએક ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત જાહેર કરવામાં આવતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. તેમને હાર્ટએટેક આવી ગયાનું ખુલ્યું હતું. સુનિલભાઇ ચાર ભાઇ અને અકે બહેનમાં નાના હતાં. સંતાનમાં બે દિકરા છે. તેઓ મનપાના વોર્ડ નં. ૬-બમાં સફાઇ કામદાર તરીકે નોકરી કરતાં હતાં. બનાવની જાણ થતાં ભક્તિનગર પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી.

### જન્મ લે તેનું મૃત્યુ નિશ્ચીત હોય પણ અચાનક આવેલા પરલોકના તેડા આપી ગયા આઘાત

# પોલીસ ભરતીની તૈયારી કરતી પરિણીતાનું વાહનની ઠોકરે મોત

## માંગરોળના રહીશ ગામનો કરૂણ બનાવઃ મહિલા વોકીંગમાં નીકળ્યા ત્યારે વાહનચાલકે ઉલાળી દીધાઃ અન્ય બનાવોમાં દિલની દગાખોરીથી ફોટોગ્રાફરનું, લોહીની ઉલ્ટી થતાં પ્રૌઢનું, બેભાન હાલતમાં યુવતિ, વૃધ્ધનું, બાથરૂમમાં પડી જતાં યુવાનનું મોત

રાજકોટ, તા. ૨૭

અપમૃત્યુની ઘટનાઓનો સિલસિલો યથાવત રહ્યો હતો. જેમાં પોલીસ ભરતીની તૈયારી કરી રહેલી માંગરોળ પંથકની એક પરિણીતાનું મોર્નિંગ વોક કરવા નીકળી ત્યારે મોટરસાઇકલની ઠોકરે ચડી જતાં મૃત્યુ થયું છે. અન્ય બનાવમાં હૃદય રોગના હુમલાથી ફોટોગ્રાફર પ્રૌઢનું, લોહીની ઉલ્ટીથી એક પ્રૌઢનું અને બેભાન થઇ જતાં યુવતિ તથા વૃધ્ધનું મોત થયું હતું. જ્યારે એક યુવાનનું બાથરૂમમાં પડી ગયા બાદ મોત થયું હતું. આમ છ ઘટનાઓમાં અલગ અલગ પરિવારોએ સ્વજન ગુમાવ્યા હતાં.

પ્રથમ ઘટના જોઇએ તો માંગરોળના રહીજ ગામે મોર્નિંગ વોકમાં નીકળેલા મહિલાને બાઇકના ચાલકે ઠોકરે ચડાવી દેતાં ગંભીર ઇજા થવાથી મોત થયું હતું. રહીજ ગામે રહેતાં ત્રીસ વર્ષના જલ્પાબેન ગોવિંદભાઇ સોલંકી-આહિર ઓગણીસમીએ સવારે છએક વાગ્યે બહેનપણી સાથે વોકીંગમાં નીકળ્યા ત્યારે ગામના રસ્તા સાઇડમાં ચાલીને જતી વખતે એક બાઇકના ચાલકે તેમને ઠોકરે ચડાવી દીધા હતાં. બનાવની જાણ સાથેના બહેનપણીએ જલ્પાબેનના પરિવારજનોને કરતાં તેઓ દોડી આવ્યા હતાં. જલ્પાબેનને ગંભીર ઇજા પહોંચી હતી.

જલ્પાબેનને માંગરોળ, જુનાગઢ સારવાર અપાવી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવારમાં તેમણે દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. જલ્પાબેન પોલીસમાં ભરતી થવાની તૈયારી પણ કરી રહ્યા હતાં. હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે જાણ કરતાં માંગરોળ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર જલ્પાબેનના પતિ ગોવિંદભાઇ કારાભાઇ સોલંકી ખેતી કરી ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં એક પુત્ર છે. જે મા વિહોણો થઇ ગયો છે. માંગરોળ પોલીસે વાહનચાલક વિરૂધ્ધ જરૂરી કાર્યવાહી કરી હતી.

બીજા બનાવમાં રાજકોટના અટીકાના આહિર ચોકમાં કવિ કલાપી ટાઉનશીપમાં રહેતાં જયપ્રકાશભાઇ વિભુતીભાઇ શુકલા નામના ઓગણપચાસ વર્ષના પ્રૌઢ છવ્વીસમીએ રાતે બે





વાગ્યે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. જયપ્રકાશભાઇ બે બહેન અને ચાર ભાઇમાં પાંચમા નંબરે હતાં. સંતાનમાં બે પુત્ર છે. પોતે થોરાળામાં ફાઇન સ્ટુડીયો નામે ફોટોગ્રાફીનું કામ કરતાં હતાં. રાતે એકાએક શ્વાસમાં તકલીફ થવા માંડતા અને બેભાન થઇ જતાં હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ ત્યાં મૃત્યુ થયું હતું. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું.

જ્યારે યુનિવર્સિટી રોડ પર ભગતસિંહજી ગાર્ડન નજીક આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં બાવન વર્ષના રજનીકાંતભાઇ હસમુખરાય પંડ્યાને ઘરે લોહીની ઉલ્ટી થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેમને કેન્સરની બિમારી હતી. તેઓ બે બહેન અને એક ભાઇમાં વચેટ હતાં અનેનિવૃત જીવન જીવતા હતાં.

આ ઉપરાંત એક બનાવમાં બામણબોરના સાંઇઠ વર્ષના કુરજીભાઇ હરજીભાઇ બાવળીયા ઘરે શ્વાસની તકલીફ થયા બાદ બેભાન થઇ જતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનારને સંતાનમાં ત્રણ દિકરી અને એક દિકરો છે. ડાયાબીટીશ સહિતની બિમારી હોવાનું સગાએ કહ્યું હતું.

પાંચમા બનાવ પર નજર કરીએ તો રાજકોટના સણોસરા ગામે કેશુભાઇ લીંબાસીયાની વાડીએ રહેતાં કૈલાસભાઇ ડાવરની અઢાર વર્ષની દિકરી સંગુબેન બિમારીને કારણે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ તેણીનું મોત થતાં મજૂર પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આ ચારેય બનાવોમાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં યુનિવર્સિટી પોલીસ અને એરપોર્ટ પોલીસે કાર્યવાહી કરી હતી.

છઠ્ઠા બનાવમાં થાનગઢના આંબેડકરનગર-૧માં રહેતાં હિમતભાઇ કરસનભાઇ પરમારનામના ચાલીસ વર્ષના યુવાન બાથરૂમમાં પડી જતાં મૃત્ય થયું હતું. હિમતભાઇ પરમાર ચોવીસમીએ સવારે બાથરૂમમાં પડી જતાં બેભાન જેવા થઇ જતાં થાન સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેઓ બે ભાઇ અને ચાર બહેનમાં મોટા હતાં. છુટક કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. થાન પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આમ છ પરિવારોએ સ્વજન ગુમાવી દેતાં ગમગીની વ્યાપી ગઇ હતી.

### રાજકોટમાં પ્રજાસત્તાક પર્વની સવારે બે સ્થળે લાગેલી આગે તંત્રવાહકોને હડીયુ કઢાવી

# આગ હી આગઃ ફ્રુટના ૧૦ થડા-૧૫ ઝૂપડા ભડકે બળ્યા

## એસ્ટ્રોનના નાલા પાસે દેવીપૂજકોના થડાઓ સળગી ગયા તેમાં ફ્રુટનો જથ્થો પણ થયો ખાખ-લાખોનું નુકસાન, કુબલીયાપરામાં ઝૂપડા બળી ગયાઃ કોઇ જાનહાની નથીઃ બંને ઘટનામાં આગના કારણ જાણવા પોલીસે શરૂ કરી તપાસ







રાજકોટ, તા. ૨૭

શહેરમાં પ્રજાસત્તાક પર્વની સવારે આગની બે ઘટનાને કારણે તંત્રવાહકો, પોલીસ, ફાયર બ્રિગેડની ટીમોને દોડધામ મચી ગઇ હતી. જેમાં શહેરના એસ્ટ્રોન ચોકના નાલા પાસે સરાજા બેકરી નજીક ફ્રુટના થડા- લારીઓમાં ૨૬મી જાન્યુઆરીની વહેલી સવારે આગ ભભૂકી ઉઠતાં ૧૦ ફ્રુટના થડા-લારીઓ બળીને ખાખ થઇ ગયા હતાં અને સાથે ફ્રુટનો મોટો જથ્થો પણ બળી ગયો હતો. જેના કારણે લાખોની નુકસાની થઇ હતી. તો બીજી તરફ ભાવનગર રોડ કુબલીયાપરા ઝૂપડપટ્ટી વિસ્તારમાં આગ ભભૂકતાં ૧૫ ઝૂપડા બળી જતાં રહેવાસીઓમાં દેકારો મચી ગયો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો એસ્ટ્રોનના નાલા પાસે બે દાયકાથી ફ્રુટનો ધંધો કરતાં ગૌતમનગર, રૈયાધાર, છોટુનગર ઝૂપડપટ્ટીમાં રહેતાં દેવીપૂજક પરિવારના લોકોના લારી-થડા બળી ગયા હતાં. જેની સાથે સાથે ફ્રુટનો મોટો જથ્થો પણ બળી જતાં લાખોની નુકસાની થઇ હતી. આગ કોઇ અસામાજીક તત્વોએ લગાડ્યાની વાતો વહેતી થઇ હતી. પરંતુ માલવીયાનગર પોલીસની પ્રાથમિક તપાસમાં હાલ આવુ કંઇ બન્યાનું સામે આવ્યું નહોતું. વધુ માહિતી જોઇએ તો એસ્ટ્રોનના નાલા સોમવારે છવ્વીસમીએ વહેલી સવારે ફ્રુટની લારીઓ-થડામાં આગ લાગતાં ફાયર બ્રિગેડના બંબા પહોંચ્યા હતાં અને આગને કાબુમાં લીધી હતી. આગથી લારીઓ, ફ્રુટનો જથ્થો બળી જતાં મોટી નુકસાની થઇ હતી. આગમાં ૧૦ ફ્રુટના ધંધાર્થીઓના થડા-લારીઓ અને સાથે ફ્રુટનો જથ્થો બળી ગયા હતાં.

જેના થડા બળી ગયા તેમાં અક્ષર માર્ગ પાસે મોદી સ્કૂલ નજીક ગૌતમનગરમાં રહેતાં રાજેશભાઇ રમેશભાઇ વઢીયારા, શોભનાબેન રાજશેભાઇ વઢીયારા, અશોકભાઇ છગનભાઇ વઢીયારા, આશાબેન અશોકભાઇ વઢીયારા, છોટુનગર પાસે ઝૂપડપટ્ટીમાં રહેતાં ભરતભાઇ રાજુભાઇ કુંવરીયા, સોનાબેન ભરતભાઇ કુંવરીયા, રાજુભાઇ શંકરભાઇ વઢીયારા, અશોકભાઇ રાજુભાઇ કુંવરીયા, રૈયાધારના ભરતભાઇ ડાયાભાઇ ગુજરવાડીયા અને વિજયભાઇ તુલસીભાઇ વઢીયારાનો સમાવેશ થાય છે. આ પૈકીના ગૌતમનગરમાં રહેતાં ફ્રુટના ધંધાર્થી રાજેશભાઇ વઢીયારાએ જણાવ્યું હતું કે અમે એસ્ટ્રોનના નાલા નજીક વીસેક વર્ષથી થડા-લારી રાખી ફ્રુટનો ધંધો કરીએ છીએ. દરરોજ સવારે નવેક વાગ્યે ફ્રુટ વેંચવાનું ચાલુ કરીએ છીએ અને રાતે દસ-અગીયાર સુધી ધંધો કરી પછી ફ્રુટ સહિતનો માલ થડા-લારીઓમાં જ મુકીને પેક કરીને ઘરે જતા રહીએ છીએ. ૨૬મી જાન્યુઆરીની સવારે પાંચેક વાગ્યે અમારા ગ્રાહક મલયભાઇ પોબારી કે જે અમારે ત્યાં ફ્રુટ લેવા આવે છે અને મારા ફોન નંબર પણ તેની પાસે છે તેઓ અમારા થડાના રસ્તેથી નીકળ્યા ત્યારે આગ જોતાં જ મને ફોનથી જાણ કરતાં હું તથા બીજા ધંધાર્થીઓ તુરત જ પહોંચી ગયા હતાં.

ઘટના સ્થળે પહોંચીને અમે તપાસ કરતાં મારા સહિત બીજા નવ લોકોના ફ્રુટના થડા, લારી સળગી ગયા હતાં. સાથે સાથે બધુ ફ્રુટ પણ બળી ગયું હતું. મલયભાઇએ જાણ કરી હોઇ ફાયર બ્રિગેડના બંબા પણ પહોંચી ગયા હતાં અને આગ ઓલવી હતી. આગમાં અમારા બધાની લારીઓ-થડા-ફ્રુટનો મોટો જથ્થો બળી ગયા હતાં. આગ કઇ રીતે લાગી તેની અમને ખબર નથી. અમે આ મામલે માલવીયાનગર પોલીસમાં જાણ કરી અમારી અરજી આપી હતી. આગથી દસથી પંદર લાખની નુકસાની થઇ છે. દરમિયાન માલવીયાનગર પોલીસ ઇન્સ. જે. આર. દેસાઇની રાહબરીમાં પીએસઆઇ આર. આર. કોઠીયા સહિતે પણ ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. એફએસએલની પણ મદદ લીધી હતી. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ ચેક કરતાં કંઇ શંકાસ્પદ સામે આવ્યું નથી. અહિ દરરોજ તાપણા કરવામાં આવતાં હોઇ બાદમાં તાપણા ઓલવીને જે તે લોકો જતાં રહે છે.

કદાચ એકાદ તાપણુ ઓલવવાનું રહી ગયું હોઇ તેમાંથી તણખા ઉડીને નીકળ્યા બાદ આગ લાગી હોઇ શકે. જો કે આ મામલે તપાસ હજુ થઇ રહી છે. કોઇ અસામાજીક તત્વોએ આગ લગાડી હોવાની વિગતો હાલ સામે આવી નહોત. ફાયર બ્રિગેડ સુત્રોના કહેવા મુજબ મલયભાઇ નામના નાગરિકે એસ્ટ્રોનના નાલા પાસે ફ્રુટના થડાઓમાં આગ લાગી હોવાની જાણ કરતાં બે ફાયર ફાઇટર તાકીદે પહોંચી ગયા હતાં અને લારીઓ, થડાઓમાં લાગેલી આગ બુઝાવી હતી. આગને ગણતરીના સમયમાં કાબુમાં લઇ લીધી હતી. આગમાં કોઇ જાનહાની થઇ નથી. સળગી ગયેલી ફ્રુટની લારી ઉપર ઇલેક્ટ્રીકનો થાંભલો પડ્યો હતો. આગ એકાદ કલાકે કાબુમાં આવી હતી. આગ બુઝાવવાની કામગીરી ઇમિત્યાઝભાઇ, શક્તિસિંહ, યોગીરાજભાઇ, સાદીકભાઇ, રાહુલભાઇ, દુષ્યંતસિંહ, નરેશભાઇ, શેખરદાન સહિતના સ્ટાફે કરી હતી. આ ઘટનાએ ચકચાર જગાવી હતી.

આગની બીજી ઘટના જોઇએ તો ભાવનગર રોડ પર કુબલીયાપરામાં પ્રજાસત્તાક પર્વની સવારે ઝૂપડાઓમાં આગ ભભૂકતાં નાસભાગ મચી ગઇ હતી. આગમાં ૧૫ ઝૂપડા બળીને ખાખ થઇ ગયા હતાં. મુખ્ય ફાયર સ્ટેશન તથા અન્ય ફાયર સ્ટેશનોના જવાનોએ આગને કાબુમાં લીધી હતી. આગમાં ઝૂપડાઓ સાથે ઘરવખરી, કપડા, ગાદલા, ગોદડા, ડોક્યુમેન્ટ સહિત બળી ગયા હતાં. આગ લાગી ત્યારે સદ્નસિબે મોટા ભાગના ઝૂપડામાં રહેવાસીઓ હાજર નહોતાં. સુત્રોના કહેવા મુજબ આ ઝૂપડાઓમાં માટે ભાગે સામાન, કપડાઓ રખાય છે. જ્યારે લોકો રહેતાં અન્ય સ્થળે હોય છે. કુબલીયાપરામાં સોમવારે સવારે આઠ વાગ્યા પછી ભાણજીબાપાના પુલથી કુઇવાળા ચોકની વચ્ચે નવા થોરાળા મેઇન રોડ પર આવેલ કુબલીયાપરા ઝૂપડપટ્ટી વિસ્તારમાં આગ લાગ્યાની જાણ રમેશભાઇ રામજીભાઇ કડસાગરીયાએ કરતાં મુખ્ય ફાયર સ્ટેશન, બેડીપરા ફાયર સ્ટેશન, કોઠારીયા ફાયર સ્ટેશનના બંબા સાથે ફાયર બ્રિગેડના અધિકારીઓ, જવાનો તુરત જ પહોંચી ગયા હતાં અને ૯:૩૦ કલાકે આગ કાબુમાં લઇ લીધી હતી.

પાંચ ફાયર ટેન્કરો દ્વારા પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લેવામાં આવી હતી. ફાયર બ્રિગેડ સુત્રોના કહેવા મુજબ તમામ ઝૂપડામાં પતરા લાગેલા હોઇ તે દૂર કરીને આગ બુઝાવવાની કામગીરી કરવી પડી હતી. આગમાં ઘરવખરી જેમ કે ગાદલા, ગોદડા, રસોઇ માટેની સામગ્રી, કપડા, ડોક્યુમેન્ટ સહિત બળી ગયું હતું. આગમાં કોઇ જાનહાની થઇ નથી. આગ લાગવાનું કારણ કે નુકસાની પણ જાણવા મળી નથી. આગમાં ૧૫ ઝૂપડા બળી ગયા છે. આજુબાજુના બીજા ઝૂપડા બચાવી લેવાયા હતાં. જે ૧૫ ઝૂપડા બળી ગયા છે તેના માલિકોના નામ ગડીબેન અમરભાઇ ચારોલીયા, સાગરભાઇ કડવાભાઇ વાહનેકીયા, કરીબેન જયંતિભાઇ શિહોરીયા, સુનિલભાઇ દિનેશભાઇ વાઘરોલીયા, રવિભાઇ રાજુભાઇ ઉધરેજીયા, જગદીશભાઇ ગોવિંદભાઇ બાલાસરીયા, અશોકભાઇ શીશાભાઇ વાઘરોલીયા, હરેશભાઇ ટીલીભાઇ વાહનેકીયા, સુનિલભાઇ ગોવિંદભાઇ ગુલાબ, લાલજીભાઇ ભીખાભાઇ વાઘરોલીયા, રાજભાઇ જેન્તીભાઇ ઉધરેજીયા, મંગીબેન કડવાભાઇ વાહનેકીયા, ભાવનાબેન નરેશભાઇ બરાડીયા, આનંદભાઇ રમેશભાઇ સારોલીયા અને વીર બંસીભાઇ સારોલીયાનો સમાવેશ થાય છે. ફાયર બ્રિગેડના ત્રણ ફાયર સ્ટેશનના પાંત્રીસ જેટલા અધિકારીઓ, કર્મચારીઓના સ્ટાફે આગ કાબુમાં લીધી હતી.

### નશાની આદત હોઇ પત્નિ છોડીને સંતાનોને લઇ જતી રહી હોઇ એકલો રહેતો હતો

# યુવાને ગુપ્તાંગ, હાથ, ગળા પર ઝીંકી લીધા છરીના ઘા!

## લોહીલુહાણ હાલતમાં કલાકો સુધી ઓરડીમાં પડ્યો રહ્યોઃ મજૂર આવતાં શેઠને જાણ કરીઃ ઉપલેટા પંથકની ચોંકાવનારી ઘટનાઃ યુવાનને ગંભીર ઇજા

રાજકોટ, તા. ૨૫

એકલતાથી કંટાળી જનારો માણસ ઘણીવાર ન ભરવાના પગલા ભરતો હોય છે. તો ઘણીવાર એકલવાયુ જીવન અને નશાની આદત પણ માણસને અવળા વિચારોના પાટે લઇ જાય છે. આવી જ એક ઘટના બની છે જેમાં ઉપલેટાના ઇશરા ગામે આવેલી કંપનીમાં કામ કરતાં અને ત્યાંની ઓરડીમાં રહેતાં મુળ ભાવનગરના યુવાને ઓરડીમાં હતો ત્યારે પોતાના ગુપ્તાંગ પર છરી હુલાવી દઇ ગંભીર ઇજા પહોંચાડી દેતાં અને ગળા તથા બંને હાથના કાંડા ઉપર પણ ઘા મારી દેતાં લોહીલુહાણ થઇ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો ઉપલેટામાં ઇશરાના પાટીયા પાસે આવેલી કંપનીમાં કામ કરતો અને ત્યાંની ઓરડીમાં રહેતો ૪૦ વર્ષનો યુવાન ૨૪મીએ સાંજે કંપનીની ઓરડીમાં હતો ત્યારે જાતે જ છરીથી ગુપ્તાંગ પર ઘા મારી દીધો હતો. તેમજ પોતાના બંને હાથની કલાઇ, ગળા પર ઇજાઓ પહોંચાડી હતી. આ પછી ખોલીમાં કોઇ ન હોઇ કલાકો સુધી લોહી નીકળતી હાલતમાં પડી રહ્યો હતો. બાદમાં કોઇ



મજુર ઓરડીએ તપાસ કરવા આવતાં તે ગંભીર ઇજા થયેલી હાલતમાં મળતાં તેણે કંપનીના જવાબદારોને જાણ કરતાં તુરત જ ઉપલેટા સારવાર માટે ખસેડાયો હતો. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ઉપલેટા પોલીસને નોંધ કરાવી હતી.

આ બનાવની જાણ થતાં આ યુવાનના ભાઇ સહિતના લોકો રાજકોટ પહોંચ્યા હતાં. સારવારમાંથી રજા લઇ આ યુવાનને તેના વતન ભાવનગર લઇ જવામાં આવ્યો હતો. સગાએ જણાવ્યું હતું કે યુવાન પરણેલો છે અને બે ભાઇ, બે બહેનમાં નાનો છે. તેને ત્રણ સંતાન છે. પણ આ યુવાનને નશો કરવાની આદત હોઇ તેના કારણે પત્નિ સંતાનોને લઇ માવતરે જતી રહી છે. ચારેક વર્ષથી આ યુવાન એકલો જ રહે છે અને ગમે ત્યાં કામ કરી લે છે. જ્યાં બનાવ બન્યો ત્યાં તે ઓરડીમાં એકલો જ હોઇ કદાચ દારૂના નશામાં કે પછી એકલવાયા જીવનથી કંટાળી જઇ તેણે આમ કર્યુ હોવાનું સગાએ કહ્યું હતું. યુવાને ખરેખર કયા કારણોસર આ પગલુ ભર્યુ તેની તપાસ ઉપલેટા પોલીસ કરી રહી છે.

### એરપોર્ટ રોડ પર રહેતાં વૃધ્ધને ડીજીટલ એરેસ્ટ કરી એક કરોડ ચૌદ લાખ પડાવવામાં વધુ બે દબોચાયા

# ફ્રોડના ૧ કરોડ જમા કરનારો બેંક ઓફિસર નીકળ્યો!

## સાયબર ક્રાઇમ પોલીસે બેંક ઓફિસર અને તેણે જેના નામનું ખાતુ ખોલ્યું હતું તે બંનેને હરિયાણાના કર્નાલથી દબોચ્યા : અગાઉ પકડાયા હતાં ચૌદ આરોપી : સુત્રધાર સુધી પહોંચવા મહેનત યથાવત

રાજકોટ, તા. ૨૫

લાખો કરોડોના સાયબર ફ્રોડ દરરોજ થતાં રહે છે. જો કે આ ફ્રોડ આચરનારા સુત્રધારો હાથમાં આવતાં હોતા નથી. રાજકોટ શહેર સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા અલગ અલગ ફ્રોડના ગુનાઓની તપાસ ઝીણવટભરી રીતે થતી હોય છે. પોલીસ મુખ્ય આરોપી સુધી પહોંચવા સતત મહેનત કરતી હોય છે. શહેરના એરપોર્ટ રોડ પર રહેતાં અન નિવૃત જીવન જીવતાં વૃધ્ધ વૃધ્ધને ડિજીટલ એરેસ્ટ કરી રૂા. ૧,૧૪,૫૫,૦૦૦ પડાવી લેવાના ગુનામાં શહેર સાયબર ક્રાઇમ પોલીસે વધુ બે આરોપીને હરિયાણાથી પકડી લીધા છે. આ સાથે કુલ પકડાયેલા આરોપીઓનો આંક ૧૬ થયો છે. આ બે પકડાયા તેમાં એક તો બેંકનો ઓફિસર છે. ફ્રોડની કુલ રકમમાંથી ૧ કરોડ આ બેંક ઓફિસરે ખોલાવેલા એકાઉન્ટમાં જમા થઇ હતી!

વિગતો પર નજર કરીએ તો પત્રકાર સોસાયટી નજીક એક્ઝાન નગરમા રહેતાં કુરબાન વલીજી બદામી નામના છોંતેર વર્ષના વૃધ્ધને ગત નવેમ્બર મહિનામાં મુંબઇ ક્રાઇમ બ્રાંચના નામે ડિજીટલ એરેસ્ટ કરી ડરાવી ધમકાવી એક કરોડ ચૌદ લાખ પડાવી લેવાયા હતાં. આ ગુનામાં સાયબર ક્રાઇમ પોલીસ અગાઉ ચૌદ આરોપીને પકડી ચુકી છે. વધુ બે આરોપીને હરિયાણાથી પકડી લેવામાં સફળતા મળી છે. જેમાં એક શખ્સ ત્યાંની યશ બેંકમાં સેલ્સ ઓફિસર તરીકે નોકરી કરે છે. બીજો પ્રાઇવેટ નોકરી કરે છે. આ શખ્સનું એકાઉન્ટ બેંકના ઓફિસરે ખોલાવી તેનો ફ્રોડ માટે ઉપયોગ કર્યાનું ખુલ્યું હતું. જેના આધારે બંનેને દબોચી લેવાયા છે. આ કૌભાંડમાં અગાઉ પોલીસ




૧૪ આરોપીને પકડી ચુકી હતી. આ બંને મળી આંકડો સોળ સુધી પહોંચ્યો છે.

સાયબર ક્રાઇમ અધિકારીઓએ જણાવેલી વિગતો અનુસાર ગત નવેમ્બર-૨૦૨૫માં આ ફ્રોડ મામલે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. વૃધ્ધને ગઠીયાએ ફોન કરી જીઓ કંપનીમાંથી બોલે છે, તમારો ફોન બે કલાકમાં બંધ થઇ જશે, તમારા ફોનનો ઉપયોગ ચાઇલ્ડ પોર્નોગ્રાફી, ઓનલાઇન ગેમ્બલીંગ અને સાયબર આતંકવાદમાં થયો છે તેમ કહી ડરાવી જો કોઇ ગેરકાયદે પ્રવૃતિ ન કરી હોય તો મુંબઇ ક્રાઇમ બ્રાંચમાં ખુલાસો કરજો તેમ કહી બાદમાં પીએસઆઇ શંકર સુરેશ પાટીલના નામે વિડીયો કોલ કરી મુંબઇ ક્રાઇમ બ્રાંચના નામે વૃધ્ધને ડરાવી તમારા આધારકાર્ડનો મની લોન્ડ્રીંગ, સાયબર ક્રાઇમમાં ઉપયોગ થયો છે.

ગઠીયાઓએ આગળ ડરાવતાં કહેલું કે આવા ગુનામાં દસ વર્ષથી લઇ આજીવન કેદની સજા છે તેમ કહી ડિજીટલ એરેસ્ટ કરી રૂપિયા એક કરોડ ચૌદ લાખ પંચાવન હજાર પડાવી લેવાયા હતાં. આ કેસની તપાસ દરમિયાન અગાઉ શહેર સાયબર ક્રાઇમ પોલીસ જેના જેના ખાતામાં નાણા જમા થયા હતાં તેવા તથા અન્ય રીતે ગુનામાં સામેલ હોય તેવા ૧૪ શખ્સોને પકડી લીધા હતાં. તપાસમાં હવે હરિયાણાના કર્નાલના સીરસી ગામે મધુબન કોમ્પલેક્ષમાં રહેતાં અને કર્નાલ સેક્ટર-૧૨માં આવેલી યસ બેંકમાં સેલ્સ ઓફિસર તરીકે ફરજ બજાવતાં શુભમ્ રઘુવીરસિંઘ અને કર્નાલ સાની મહોલ્લા રાજીવ હોસ્પિટલ સામે ચારુ બજારમાં રહેતાં અને પ્રાઇવેટ નોકરી કરતાં શંકર સોહનલાલ રાજપૂતના નામ ખુલતાં બંનેને ત્યાંથી દબોચી લેવાયા હતાં.

પોલીસના કહેવા મુજબ શુભમ્ રઘુવીરસિંઘ યસ બેંકમાં સેલ્સ ઓફિસર હોઇ તેણે શંકર રાજપૂતના નામે બેંક એકાઉન્ટ ખોલાવ્યું હતું અને તે એકાઉન્ટમાં રાજકોટના વૃધ્ધને છેતરીને મેળવાયેલા ૧ કરોડ ૧૪ લાખ પૈકીના ૧ કરોડ જમા કરાવી બાદમાં ટ્રાન્સફર કરી દીધા હતાં. આ રકમ તેણે કોને કોને ટ્રાન્સફર કરી? આ કામ માટે કેટલુ કમિશન મળ્યું? સુત્રધાર કોણ છે? તે સહિતની તપાસ કરવા આ બંનેના રિમાન્ડ મેળવી વિશેષ તપાસ કરવામાં આવશે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બસીયાની સુચના અને માર્ગદર્શન હેઠળ આ કામગીરી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર જે. એમ. કૈલા, પીઆઇ એમ. એ. ઝણકાત, આર. જી. પઢીયાર, એએસઆઇ વિવેકભાઇ કુછડીયા, હેડકોન્સ. શીવભદ્રસિંહ જાડેજાએ કરી હતી. સુત્રધાર પકડાય તે માટે પોલીસે તપાસ યથાવત રાખી હતી.

# આમ્રપાલી બ્રીજ: રૂપિયા ૨૯ કરોડનો ખર્ચ 'પાણીમાં'

**મહાનગરપાલિકાના અણઘડ અધિકારીઓ અને વહિવટને કારણે રાજકોટનાં હજારો વાહન ચાલકોને હાલાકી**

**આમ્રપાલી ફાટકે સર્જાતી ટ્રાફિક સમસ્યાનો ઉકેલ લાવવા દિવંગત મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મંજૂર કરેલાં ઓવર બ્રીજના કામમાં લોટ પાણી અને લાકડાં**

**બ્રીજમાં કાયમ ભરાઈ રહેતા પાણીની સમસ્યા દૂર કરવા મોટી રકમનો ફરી થી ખર્ચ છતાં સમસ્યા જેમની તેમ : બ્રીજનાં ખાડા અંગે પણ મહાનગરપાલિકા તંત્ર ઉદાસીન**















રાજકોટ, તા. ૨૭

રાજકોટ પુર્વ અને મધ્ય વિસ્તારને જોડતા અને ટ્રાફિકથી સતત ધમધમતા રહેતા કિસાનપરા સર્કલ પાસે બનાવવામાં આવેલા આમ્રપાલી અન્ડર બ્રીજમાં વગર વરસાદે પાણી ભરાવાની સમસ્યા હજુ પણ યથાવત છે. મહાનગરપાલિકા દ્વારા તાજેતરમાં બ્રિજના રીપેરીંગનાં બહાને લાખોનો ખર્ચ કરવામાં આવ્યો છે. છતાં સ્થિતિ જૈસે થે જેવી છે. એટલું જ નહીં કિસાનપરા ચોક ખાતેથી રૈયારોડ તરફ જતા બ્રિજ માં મહાકાય ખાડા અંગે પણ તંત્ર ઉદાસીન છે. તંત્રની આ નિષ્ક્રિયતાને કારણે હજારો વાહન ચાલકો હાલાકી ભોગવી રહ્યા છે. જો કે મનપાના જવાબદાર અધિકારીઓ હજી બ્રિજની થોડી કામગીરી બાકી હોવાનું અને તે ઝડપથી પૂર્ણ કરવામાં આવનાર હોવાનું જણાવ્યું છે.

રાજકોટ શહેરના આમ્રપાલી ફાટક પાસેથી હજારોની સંખ્યામાં વાહન ચાલકો પસાર થતા હોય છે. લોકોને ટ્રેનની રાહ જોવી ન પડે પાસે તે માટે પુર્વ મુખ્યમંત્રી દિવંગત વિજયભાઈ રૂપાણીએ બ્રિજની યોજના મંજૂર કરી હતી. વર્ષ ૨૦૧૯માં અહીં રૂપિયા ૨૯ કરોડના ખર્ચે અન્ડરબ્રીજનું નિર્માણ કરવામાં આવ્યું હતું. પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણી દ્વારા બ્રીજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ બ્રીજનાં નિર્માણ બાદ લોકોને ટ્રાફિકની સમસ્યામાંથી છુટકારો મળ્યો છે. પરંતુ બ્રીજમાંથી વાહન લઈને પસાર થવું સતત જોખમી રહે છે. બ્રિજ બન્યાના બે વર્ષમાં જ એટલે ૨૦૨૧થી જ બ્રીજમાં વગર વરસાદે પાણી ભરાવાની સમસ્યા છે. આ સમસ્યામાંથી કેમ છૂટકારો મેળવવો એ મહાનગરપાલિકાના બુદ્ધિજીવીપ ગણાતા અધિકારીઓ પાંચ વર્ષ પછી પણ કાયમી ઉકેલ શોધી શક્યા નથી. અને રાહતનાં નામે થૂંકના સાંધા કરી પ્રજાના પૈસાનો વેડફાટ કરી રહ્યા છે.

આશ્ચર્યની વાત તો એ છે કે દિવાલોમાં થી આવતું પાણી બ્રિજ માં ભરાતું અટકાવવા માટે તબક્કાવાર રીપેરીંગ કરવામાં આવ્યા છે. તાજેતરમાં ગત નવેમ્બર મહિનામાં કોંગ્રેસનાં વિરોધ બાદ મનપા દ્વારા સમારકામનાં નામે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જોકે આમ છતાં હજુ બ્રીજની અંદર વગર વરસાદે પાણી ભરેલા જોવા મળે છે. જેને લઈને હજારો વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અહીંથી પસાર થતા વાહનચાલકોને સતત અકસ્માતનો ભય સતાવે છે. એટલું જ નહીં બ્રીજની એકતરફ મોટા ખાડાઓ પડ્યા છે. છતાં તંત્ર દ્વારા આ માટે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી.

બ્રિજ નજીક ઓફિસ કે દુકાન ધરાવતા ધંધાર્થીઓ માટે આ સમસ્યા કાયમી બની ગઈ છે. પણ આમ્રપાલી રોડ હનુમાન મઢી, બ્રહ્મ સમાજ ચોક અને આસપાસના વિસ્તારો કે પછી રૈયા ચોકડી કે તેની આસપાસના વિસ્તારોમાં રહેતા લોકોને આ બ્રિજ માં થી પસાર થવું હોય તો તેમનાં જીવ પડીકે બંધાઈ જાય છે. પરિવાર અને બાળકો સાથે નીકળતી વખતે લોકો ડર અનુભવે છે.

ઓફિસ કે દુકાન જવા માટે બ્રિજ માં થી નિયમિત રીતે પસાર થનારાઓ માટે પાણીની સમસ્યા કાયમી માથાનો દુખાવો બની ગઈ છે. બ્રીજના સિમેન્ટ રોડમા ખાડાઓ પણ પડી ગયા છે. જેને લઈને મહિલાઓ અને બાળકોને લઈને નીકળવુ જોખમી બન્યું છે. અવારનવાર અહીં વાહન સ્લીપ થવાના બનાવો પણ બને છે. ચૂંટણીનો સમય હોય ત્યારે શાસકો ધ્યાન આપે છે. પછી હતું એની એ જ સ્થિતિ સર્જાઈ જાય છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ વખતે બ્રીજનું સુશોભન કરવામાં આવ્યું છે. પરંતુ રસ્તા બાબતે કોઈ કામગીરી થઈ નથી. અને પાણી ભરાવાની સમસ્યા પણ યથાવત છે. આશ્ચર્યની વાત એ છે કે છ આંકડાનો પગાર લેનારા અધિકારીઓએ બુદ્ધિનું દેવાળું ફૂંક્યું હોય એમ પાણીની સમસ્યા દૂર કરવા બ્રિજની બન્ને બાજુ ગટર બનાવી બ્રિજ ટુંકો કરી અકસ્માતને આમંત્રણ આપ્યું છે. છતાં પણ પાણીની સમસ્યા તો હતી એવી ને એવી જ છે! એમાં વળી બ્રિજના સિમેન્ટ રોડમા પડેલા ખાડાઓને કારણે વધુ ગંભીર સ્થિતિ ઉભી થઈ છે

આ વિસ્તારમાં રહેઠાણ ધરાવતા નાગરિકોને અવારનવાર અહીંથી પસાર થવું પડે છે. અગાઉ મનપા દ્વારા વગર વરસાદે પાણી ન ભરાય તેના માટે કામગીરી કરવામાં આવી હતી. આમ છતાં આજે પણ પાણીની સમસ્યા જોવા મળી રહી છે. પાણી ભરાઈ જવાને લઈ ટુ વ્હીલર માં જતા લોકો ખાસ કરીને જ્યારે ફેમિલી સાથે હોય ત્યારે ડર લાગે છે. પાણીના કારણે વાહન સ્લીપ થવાના બનાવો પણ અનેકવાર બન્યા છે. ત્યારે તંત્રએ હજારો વાહનચાલકોની આ મુશ્કેલીને ગંભીરતા પૂર્વક લઈને તાત્કાલિક સમારકામ કરવું જોઈએ તેવી આ વિસ્તારના રહેવાસીઓની માંગ ઉઠી છે.

એક તરફ શહેરીજનોની સમસ્યા હલ થતી નથી ત્યારે બીજી તરફ મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓ કહે છે કે, આ બ્રીજમાં જમીનમાંથી અને સાઈડમાંથી પાણી આવતું હતું. હાલ સાઈડમાંથી પાણી ન આવે તે માટે કામગીરી કરી લેવામાં આવી છે. જમીનમાં પાણીનું લેવલ નીચે આવ્યા બાદ ત્યાંથી આવતા પાણીને અટકાવવા પણ કામગીરી કરવામાં આવનાર છે. એટલું જ નહીં વાહન ચાલકોને મુશ્કેલી પડે નહીં તે માટે આ સમારકામ ટૂંક સમયમાં રાત્રીના સમયે કરવા માટેનું આયોજન કરાયું છે. વાહન ચાલકો હેરાન ન થાય તે માટે તંત્ર દ્વારા આ કામગીરી શક્ય તેટલી વહેલી પુરી કરાશે

### કોંગ્રેસની રજૂઆતથી તંત્ર જાગ્યું'તું..પણ..

ઉલ્લેખનીય છે કે અગાઉ આ મામલે મહાપાલિકાના 'સૂતેલા' તંત્ર સામે વિરોધ વ્યક્ત કરવા માટે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બ્રીજમાં સમારકામ પણ કરવામાં આવ્યું હતું. જેથી થોડો સમય બ્રીજમાં પાણી ભરાતા બંધ થયા હતા. પરંતુ આ વાતને થોડા જ મહિના વીત્યા છે ત્યાં ફરીથી બ્રીજમાં પાણી ભરાવાની સમસ્યા જોવા મળી રહી છે. જેને લઈ મનપા તંત્ર દ્વારા કરવામાં આવેલા સમારકામમાં પણ ભ્રષ્ટાચાર થયો હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. ત્યારે અહીંથી પસાર થતા હજારો વાહન ચાલકોને આમ્રપાલી બ્રીજમાં પાણી ભરાવાની સમસ્યાથી ક્યારે કાયમી ધોરણે છુટકારો મળશે તે આવનારો સમય જ બતાવશે.

## સપ્તાહના અંતમાં મનપાનું બજેટ

# ૧૫૦થી ૨૦૦ કરોડનો કરબોજ ઝીંકવા તૈયારી!

**૩૧ જાન્યુઆરી આસપાસ કમિશનર તુષાર સુમેરા સ્ટેન્ડિંગ કમિટીમાં બજેટ રજૂ કરશેઃ મનપાની આર્થિક સ્થિતિ સુધારવા આકરાં કરબોજ વગર છૂટકો નથી**

રાજકોટ, તા. ૨૭

રાજકોટ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૬-૨૭નું વાર્ષિક અંદાજપત્ર તારીખ ૩૧ જાન્યુઆરીએ રજુ કરવામાં આવે તેવો સંભવ છે. કમિશનર તુષાર સુમેરા દ્વારા બજેટને ફાઈનલ ટચ આપવામાં આવી રહ્યો છે. મહાનગરપાલિકાની આર્થિક સ્થિતિ લાંબા સમયથી કથળી ગઈ છે ત્યારે આ વર્ષે પણ પ્રજા પર રૂ.૧૫૦ થી ૨૦૦ કરોડનો કરબોજ નાખવામાં આવે તેવી સંભાવના છે. જો કે મહાનગરપાલિકાની ચૂંટણી પણ નજીક આવી રહી છે ત્યારે શાસકો દ્વારા સ્વાભાવિક રીતે આ કરબોજ રદ કરવામાં આવશે એ વાત પણ નિશ્ચિત છે. સાથોસાથ મતદારોને આકર્ષવા માટે શાસકો દ્વારા કોઇ રાહત પેકેજ જાહેર કરવામાં આવે તેવી પણ શક્યતા નકારી શકાતી નથી.

રાજકોટ મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૬-૨૭ના નાણાંકિય અંદાજપત્ર માટે લાંબા સમયથી ચાલતી કસરત હવે અંતિમ તબક્કામાં છે. કમિશનર તુષાર સુમેરા દ્વારા મહાનગરપાલિકાની તમામ ૪૦ શાખાના અધિકારીઓ સાથે મેરેથોન મિટિંગ કરીને બજેટને ફાઇનલ ટચ આપવામાં આવી રહ્યો છે. એક તરફ મહાનગરપાલિકાની આર્થિક સ્થિતિ નબળી હોય રૂ.૨૦૦ કરોડ વ્યાજ ઉપર લેવા પડે તેવી સ્થિતિ છે. ત્યારે આ બજેટમાં કમિશનર અલગ 'અલગ હેડ ' નીચે પ્રજાજનો પર અંદાજે રૂ.૧૫૦ થી ૨૦૦ કરોડનો કરબોજ ઝીંકે તેવી શક્યતા છે. આમાં ખાસ કરીને મિલકતવેરો, વ્યવસાય વેરો, વાહનવેરો તેમજ ખુલ્લા પ્લોટ ઉપરના વેરા સાથોસાથ સફાઈ કરમાં અને પાણીવેરામાં પણ વધારો થવાનો સંભવ છે. જો કે માર્ચ મહિનાના અંતમાં મહાનગરપાલિકાની ચૂંટણી જાહેર થાય તેમ છે.અને વર્તમાન શાસકો માટે આ વર્ષનુ બજેટ છેલ્લું બજેટ હોય શાસકો દ્વારા કરબોજ ફગાવી દેવામાં આવશે.

મહાનગરપાલિકાની આર્થિક કરોડરજ્જુ જેવા મિલકત વેરામાં વધુ બોજ આવવાની શક્યતા છે. મહાનગરપાલિકાને દરવર્ષે બે વખત સૌની યોજના હેઠળ નર્મદાના નીર માંગવા પડે છે. આવી જ રીતે રાજ્ય સરકારના જી.ડબલ્યુ. આઇ. એલ.ની પાઈપલાઇન મારફત નર્મદાના નીર લેવામાં આવે છે. જે માટે પ્રતિ એક હજાર લીટરે છ રૂપિયાનો ચાર્જ મહાનગર પાલિકાએ ભોગવવો પડે છે. બીજી બાજું મહાનગરપાલિકા શહેરીજનો પાસેથી પાણી વેરાના માસિક રૂ.૧૫૦૦નો વેરો લે છે. આથી પાણીવેરામાં પણ તોતિંગ વધારો થવાની સંભાવના છે. કમિશનર દ્વારા હાલમાં મનપાની આર્થિક નાણાંકિય ભીડ વચ્ચે બજેટને ફાઇનલ ટચ આપવામાં અધિકારીઓ સાથે વ્યસ્ત છે. સંભવતઃ આગામી શનિવાર તા. ૩૧મી જાન્યુઆરીએ અથવા તા. ૨ ફેબ્રુઆરીએ સ્ટેન્ડિંગ કમિટીમાં બજેટ રજુ કરશે. તેમ જાણવા મળે છે.




